Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૪૯
તા.૧૫-૧૦-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૮ સૂર્યાસ્ત : ૦૬:૧૪

તાપમાન
ડીસા ૩૯.૦
અમદાવાદ ૩૭.૭
ગાંધીનગર ૩૮.૫
વડોદરા ૩૬.૬
સુરત ૩૪.૮
નલિયા ૩૯.૦

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

પલ્લવ સાડી શો-રૂમ
જેન્સવેરમાં તદ્દન નવો સ્ટોક વિશાળ શ્રેણી અવનવા જીન્સ - ટીશર્ટ - શર્ટ
મેચીંગ બ્લાઉઝ, ચણીયા, અસ્તર એન્ડ મેચીંગ સેન્ટર
કલેક્શન ★ જેન્ટસ વેર ★ લેડીઝ વેર ★ચિલ્ડ્રન વેર ★ કટલરી શો-રૂમ
દિવાળી સુધી જેન્સવેરમાં 30% ડીસ્કાઉન્ટ
ડાહ્યાલાલ ચોથાજી માળી
ડાહ્યાલાલ સી.ગેલોત 9925389315
મુકેશ ડી. ગેલોત 9228262151
યોગેશ ડી. ગેલોત 9099767681
સ્થળ : ચંદ્રલોક રોડ, પુનમ પ્લાયવુડની સામે, ડીસા

દિવાળી પહેલા બિહારને ૪૦૦૦ કરોડના પ્રોજેક્ટોની ભેટ

વિચાર વૈભવ...

માણસની આંખ માણસના અંતઃકરણનો તરત પડઘો પાડે છે. માણસનાં સુખ- દુઃખ, આનંદ- ઉત્સાહ, આશા- નિરાશા, પ્રેમ- ધિક્કાર બધું જ આંખ બોલ્યા વિના જાહેર કરતી હોય છે. માણસ અનુભવી અને નિરક્ષર ન હોય તો સરળતાથી વાંચી - સમજી શકે છે.

માર્ક ટ્વેઈન સારા હાસ્યલેખક, ચિંતક અને વકતા હતા. એકવાર એમની મંડળી સાથે આનંદની ક્ષણોમાં બેઠા હતા, એવામાં એક અજ્ઞાત આવ્યો, એમની સાથે બેઠો. એ સમજી ગયો કે આ વિદ્વાનોનું મંડળ છે. એણે કહ્યું, “મારી એક આંખ નકલી છે.’ તરત એક ધનિક મિત્રએ જાહેરાત કરી કે જે મિત્ર પરીક્ષા કરીને કંઈ આંખ નકલી છે એ કહી શકશે તેને એકસો પાઉન્ડનું ઈનામ હું આપીશ.. બે મિત્રોએ અનુમાનથી એક આંખ વિશે કહ્યું, પણ એ આંખવાળો મૌન રહ્યો પછી માર્ક ટ્વેઈનનો વારો આવ્યો, એણે એક અનાથ દીકરીની કરૂણ વાર્તા કહેવાનું શરૂ કર્યું. જાતે પણ રડી પડ્યા અને પેલાની એક આંખમાંથી અશ્રુ ટપકતાં જોઈ ‘નકલી આંખ’ નો નિર્ણય આપ્યો. સો પાઉન્ડનું ઈનામ જીત્યા એ પચાસ પાઉન્ડ પેલા નકલી આંખવાળાને પણ આપ્યા. બીજાનું દુઃખ જોઈ રડે એ જ સાચી આંખ.

- સુરેશ પ્રા.ભટ્ટ

સાર સમાચાર...

નાયબ મુખ્યમંત્રીની ઓફિસ આખો દિવસ ધમધમતી રહી

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ગમે ત્યારે જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જે ના પગલે આજે સચિવાલયમાં કેટલાક વિભાગની કચેરીઓ ખુલ્લી રહી હતી. જ્યારે નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલ ની ઓફિસ દિવસ દરમ્યાન ધમધમી હતી.. અત્રે ઉલ્લેખનીય છેકે આજે રવિવારે વર્તમાન રૂપાણી સરકારની કેબિનેટ બેઠક મળનાર છે. અને આ બેઠક એ ચૂંટણીઓ જાહેર થાય તે પહેલાં ની છેલ્લી બેઠક હશે.

૨૦ યુનિવર્સિટીને ૧૦૦૦૦ કરોડ રૂપિયાનો ફંડ આપવા જાહેરાત : બિહાર અને કેન્દ્ર સરકાર રાજ્યના વિકાસ માટે બનતા તમામ પ્રયાસો કરવા કટિબદ્ધ હોવાની લોકોને ખાતરી : બિહારને સમૃદ્ધ રાજ્ય બનાવવાનું વચન

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારને ૪૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટોની દિવાળી પહેલા ભેટ આપી હતી. બિહાર પહોંચેલા મોદીએ આ અંગેની જાહેરાત કરી હતી. મોદીએ દિવાળીથી પહેલા આજે બિહાર પહોંચ્યા બાદ રાષ્ટ્રીય હાઈવે સાથે જોડાયેલા ૩૦૩૧ કરોડ રૂપિયાના ચાર પ્રોજેક્ટો અને ૭૩૮.૦૪ કરોડ રૂપિયાના ત્રણ પ્રોજેક્ટોની આધારશીલા મુકી હતી. બિહારની જનતાને ખાતરી આપતા મોદીએ કહ્યું હતું કે, બિહાર અને કેન્દ્ર સરકાર રાજ્યના વિકાસ માટે સતત કામ કરતા રહેશે. મોદીએ નામ લીધા વગર આરજેડી પ્રમુખ લાલૂ પ્રસાદ યાદવ ઉપર પણ પ્રહારો કર્યા હતા. મોદીએ માર્ગોના મહત્વ ઉપર વાત કરતા કહ્યું હતું કે, અમારા દેશમાં એવા પણ લોકો છે જેમની વિચારધારા દેશને પાછળ લઈ જવાના કારણે પણ થઈ રહી છે. કેટલાક લોકો કહે છે કે, માર્ગો ગરીબો માટે હોતા નથી. આના ઉપર ગાડી ચલાવનાર લોકો ચાલે છે. મોદીએ ઉમેર્યું હતું કે, આજે પણ જ્યારે કોઈ સાંસદ ગામોના લોકોને મળે છે ત્યારે લોકો પોતાના ક્ષેત્રની પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના હેઠળ માર્ગોની વાત કરે છે. જનસભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, આ બેગુસરાઈને પાટનગર પટણા સાથે જોડનાર પુલ છે. મોદીએ બિહારના પહેલા મુખ્યમંત્રી સ્વર્ગસ્થ કૃષ્ણસિંહની પ્રશંસા કરી હતી. સાથે સાથે રામધારીસિંહ દિનકરને પણ યાદ કર્યા હતા અને તેમની કવિતા વાંચી હતી. મોકામા ખાતે મોદી કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારાઆયોજિત કાર્યક્રમમાં રાષ્ટ્રીય રાજમાર્ગ સંખ્યા ૩૧ના ઓન્ટા-સિમરિયા માર્ગને ચાર લેન કરવા, છ લેનવાળા ગંગા સેતુના નિર્માણ અને બખ્તીયારપુર-મજકામા માર્ગને વિસ્તૃત કરવાના મુદ્દા ઉપર વાત કરી હતી. આ માર્ગને ચાર લેન બનાવવા સહિત ચાર રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓની આધારશીલા મુકી હતી.

અમદાવાદમાં મહિલા ટાઉનહોલ કાર્યક્રમમાં રાહુલ પર પ્રહાર

સીસીએસમાં આજે પાંચ પૈકી બે મહિલાઓ છે : સુષ્માનો ધડાકો

અમદાવાદ

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આજે અમદાવાદમાં મહિલા ટાઉનહોલ કાર્યક્રમમાં આક્રમક નિવેદન કરીને તમામના દિલ જીતી લીધા હતા. સુષ્મા સ્વરાજે એકબાજુ પોતાની સરકારની કામગીરી અને તેના દ્વારા લેવામાં આવેલા જુદા જુદા પગલાઓનો ઉલ્લેખ કર્યો હતો. બીજી બાજુ ભાજપને મહિલા વિરોધી ગણાવનાર કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીને પણ પોતાના અંદાજમાં જવાબ આપ્યા હતા. રાહુલે ગુજરાત પ્રવાસ દરમિયાન સંઘ અને ભાજપની મહિલાઓની ભાગીદારી ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. એક મહિલાએ રાહુલ ગાંધીના નિવેદનને લઈને પ્રશ્નો કર્યા ત્યારે સુષ્માએ કહ્યું હતું કે, તેઓ આ વિષય ઉપર એજ કહેવા માંગે છે જે તેમના દ્વારા કહેવામાં આવી રહ્યું છે. નેતાઓને આવી વાત કરવી શોભા આપતી નથી. રાહુલ ગાંધી પાર્ટીના નાયબ અધ્યક્ષ છે અને તેમને અધ્યક્ષ બનાવવાની વાત થઈ રહી છે. સંઘમાં મહિલાઓની મંજુરી કેમ નથી જો તેવા પ્રશ્ન અમને કર્યા હોત તો અમે યોગ્ય જવાબ આપી શકીયા હોત પણ જે અભદ્રતાથી તેઓએ પ્રશ્ન કર્યો હતો તે રીતે આ પ્રશ્ન બનતો જ નથી. સુષ્માએ કહ્યું હતું કે, અમારી સરકારથી પહેલા ક્યારે કોઈ મહિલા કેબિનેટ કમિટિ ઓન સિક્યુરિટીમાં સભ્ય ન હતી. ભાજપની સરકારમાં આ કમિટિમાં પાંચમાથી બે મહિલા છે.

ગુજરાતમાં વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં વણથંભી વિકાસયાત્રા : કેન્દ્રીય રાજય મંત્રી હરીભાઈ ચૌધરી

દાંતીવાડા મુકામે ૫ નવનિર્મીત પોલીસ સ્ટેશનો અને આવાસોનું લોકાર્પણ

ઈશ્વર રબારી

પાલનપુર

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા મુકામે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે બનાસકાંઠા જીલ્લામાં નવનિર્મીત ૫ પોલીસ સ્ટેશનો અને પાલનપુર હેડ કવાટર તથા ડીસા ખાતે પોલીસ લાઈનના આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવનિર્મીત પોલીસ સ્ટેશનોમાં દાંતીવાડા, પાલનપુર શહેર પુર્વ અને પશ્ચિમ પોલીસ સ્ટેશન, ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશન તથા નાયબ પોલીસ અધિક્ષક થરાદની કચેરી, ઉપરાંત દાંતીવાડા તાલુકાના રાજકોટ ગામે રૂા.૮૬ લાખના ખર્ચથી બનેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતા મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંવેદનશીલ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ તમામ ક્ષેત્રોમાં વણથંભી વિકાસયાત્રા સફળતા પૂર્વક આગળ વધી રહી છે. સરકારની અભિયાન સ્વરૂપ વિરાટ કામગીરી અને વિવિધ કલ્યાણકારી યોજનાઓથી લોકોની આવક, સુવિધા અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

અનુસંધાન પાના નં.૬

ભાજપની આંતરીક ખેંચતાણ

દાંતીવાડા ખાતે જિલ્લાના છ પોલીસ સ્ટેશન અને એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના લોકાર્પણ કાર્યક્રમને લઈ જાહેર સભા માટે સ્ટેજ બનાવી મંડપ બાંધવામાં આવ્યો હતો. જેમાં લોકાર્પણ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી સાથે આવેલા અન્ય અધિકારી તેમજ પાર્ટીના પૂર્વ પદાધિકારીઓની સ્ટેજ પર બેસવાની જગ્યા કરવામાં આવી હતી. પરંતુ તાલુકા પંચાયતના પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકીની સ્ટેજ પર બેસવા

અનુસંધાન પાના નં.૬

બેસણું

સ્વ.બબુબેન
રામચંદજી સોલંકી
સ્વ.તા.૧૪-૧૦-૨૦૧૭

અમારા માતૃશ્રી બબુબેન રામચંદજી સોલંકી (દેલવાડીયા) નું દુ:ખદ અવસાન થયેલ છે. સ્વ.નું બેસણું તા.૧૬/૧૦/૨૦૧૭ ના સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૨.૦૦ વાગ્યા સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : જુની પોલીસ લાઈન પાછળ, નવાવાસ, મોદી સમાજની વાડી સામે, ડીસા મો.૯૮૨૪૩ ૭૧૩૦૫

લિ.

ખેતાજી હજુરજી દેલવાડીયા
સેવંતીલાલ રામચંદજી દેલવાડીયા
દેવચંદભાઈ રામચંદજી દેલવાડીયા
વિનોદભાઈ રામચંદજી દેલવાડીયા
રાજેન્દ્રભાઈ રામચંદજી દેલવાડીયા
નારણભાઈ રામચંદજી દેલવાડીયા
લક્ષ્મણભાઈ રામચંદજી દેલવાડીયા
શ્યામભાઈ રામચંદજી દેલવાડીયા
સુરેશભાઈ ખેતાજી દેલવાડીયા

તથા સ્વ.રામચંદજી હજુરજી દેલવાડીયા સમસ્ત પરિવાર, ડીસા

બેસણું

સ્વ. રતનબેન
પીરાભાઈ નોગોસ
સ્વ. તા. ૧૩/૧૦/૨૦૧૭

અમારા માતૃશ્રી **રતનબેન પીરાભાઈ નોગોસ** આસો વદ ૯ ને તા. ૧૩/૧૦/૨૦૧૭ ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું સમાજના રીતરીવાજ મુજબ તા. ૧૬/૧૦/૨૦૧૭ ને સોમવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ડેરીની સામે, ફાર્મ હાઉસ,
રાણપુર વચલાવાસ તા. ડીસા,
મો.નં. ૯૯૭૮૩૧૦૯૬૮ મો.નં. ૯૪૨૬૪૮૬૭૨૩

લિ.

નોગોસ હરીભાઈ સેંધાભાઈ માજી સરપંચ
નોગોસ સ્વ. પીરાભાઈ સેંધાભાઈ (પતિ)
નોગોસ બાબુભાઈ પીરાભાઈ (પુત્ર)
નોગોસ મોહનભાઈ પીરાભાઈ (પુત્ર)
નોગોસ ગમનભાઈ સેંધાભાઈ
નોગોસ સ્વ. લીલાભાઈ સેંધાભાઈ
નોગોસ મગનભાઈ સેંધાભાઈ
નોગોસ હીરાભાઈ સેંધાભાઈ
નોગોસ જીવાભાઈ સેંધાભાઈ
તથા સમસ્ત નોગોસ પરિવાર

નકલ કરીને ફુવારા બનાવનાર અને નકલી ફુવારા વેચનાર ઠગો થી સાવધાન!
ઓરિજનલ અને અસલી ૫૦૨૨ એસડી ફુવારા ના જનક તો જૈન ઈરિગેશન જ છે.
આપના પાકની ગુણવત્તા અને વધુ ઉત્પાદકતાનો આધાર ઉચ્ચ ગુણવત્તા ધરાવતા જૈન ફુવારા પર છે.
જૈન ફુવારા વસાવો વધુ નફો મેળવો ...
આગામી સમયને અનુલક્ષીને જૈન ફુવારાની ગોઠવણી કરવા તથા બટાટાની સિઝનનું સફળ ઉત્પાદન લેવા માટે વહેલા તે પહેલાના ધોરણે આજે જ જીજીઆરસી ની યોજના અંતર્ગત અરજી કરી ઝડપી સબસીડી મેળવો.
અસલી જૈન ફુવારાની ઓળખ માટે આ હોલોગ્રામ જોઈને જ ખરીદો
એકમાત્ર ઓરીજીનલ પેટન્ટેડ પ્રૉડક્ટ
૫૦૨૨ એસ.ડી.
૫૦૨૨ એસ.ડી. હાફ સર્કલ
ખેડૂત મિત્રો તમે પણ ગર્વથી કહો,
અમે અસલી ફુવારા એટલે કે જૈન ફુવારાના માલિક છીએ !
ખેડૂતોના હિતમાં પ્રકાશિત
જૈન ઈરિગેશન સિસ્ટમ્સ લિ. | Acurain
ગુજરાત સરકારની સબસીડી ઉપલબ્ધ
ડીસા: દુકાન નં ૧૨૨ થી ૧૨૬, પહેલા માળે, કિસાન મોલ, આખોલ ચાર રસ્તા, ધાનેરા હાઈવે, ડીસા, જિ. બનાસકાંઠા - ૩૮૫૫૩૫, ફોન: ૦૨૭૪૪-૨૭૧૦૨૨
મો. ૦૯૪૨૬૫૧૧૪૦૪/ ૦૯૪૨૬૯૮૬૧૩૭૧, ઈમેઈલ: jaindeesa@jains.com. વડોદરા: ટોલ ફ્રી: ૧૮૦૦૨૩૩૨૬૭૪, અમદાવાદ: ૯૪૦૯૩૦૧૮૩૬,
હિંમતનગર: ૯૪૨૭૧૧૮૯૮૩, રાજકોટ: ૯૪૨૬૫૧૧૪૦૧, ભુજ: ૯૪૨૬૯૯૯૩૦૪ અંકલેશ્વર: ૯૪૨૮૮૨૦૪૦૧

સૂર્યોદય - ૬.૩૮ સૂર્યાસ્ત - ૬.૧૪

તિથિદર્શન

આસો વદ-૧૧ રવિવાર ૨૦૭૩



વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ : અગીયારસ રવિવાર નક્ષત્ર:આશ્લેષા સવારે ૬.૨૧ પછી મઘા યોગ :શુભ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.)સવારે ૬.૨૧ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**સાધ્વી સ્ત્રીણાં દયિત વિરહે માનિનાં માનભંગે સબકો ના
મયપિ જન રવે નિગ્રહે પંડિતાનામ્ અન્યો દ્દેકે કુટિલ
મનસાં નિગૃણાનાં વિદેશે ભૃત્યા ભાવે
ભવનિ મરણં કિંતુ સંભાવિતાનામ્**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘સામાન્ય નીતિ’માં એવી ઘટના- બાબત - બીના કે પરિસ્થિતિ જણાવવામાં આવી છે કે માની- સ્વમાની માણસ જીવતાં છતાં જાણે ‘મરણ’ જેવી સ્થિતિનો અનુભવ કરે છે. સતી- સાધ્વી- સ્નેહાળ પતિવ્રતા સ્ત્રીને જયારે પોતાના પતિનો વિરહ સહન કરવો પડે ત્યારે, જે લોકો સ્વમાની, ગૌરવશાળી જાતિ- અભિમાન ધરાવનારા - માની લોકો જયારે માનભંગ કે અપમાનિત સ્થિતિમાં મુકાઈ જાય ત્યારે, આબરૂદાર, પ્રામાણિક, નિષ્ઠાવાન સજ્જનના ચારિત્ર્ય પર દાગ લાગે તેવો બટ્ટો લાગી જાય કે બદનામી અનુભવવી પડે ત્યારે, અને અપ- કીર્તિ થાય કે લોકો - સમાજમાં અપયશ ફેલાઈ જાય ત્યારે, બુદ્ધિશાળી- વિદ્વાન જયારે પોતાના જ્ઞાન- માન્યતા- વિદ્વત્તામાં ચર્ચા- પરીક્ષા- કસોટીમાં નિષ્ફળ જાય ત્યારે, અથવા તો બૌદ્ધિક રીતે નાસીપાસ થઈ હાર પામે ત્યારે. કુટિલ -લુચ્ચા- ઈર્ષાળુ લોકો બીજાની ઉન્નતિ જોઈને દાઝમાં મરે છે, મૂર્ખ- અજ્ઞાની લોકો વિદેશમાં અપમાનિત થઈ મરે- અધિકાર ભોગવેલા- નેતા- વડીલનું જયારે કોઈ સાંભળતું નથી- આજ્ઞા માનતું નથી ત્યારે દુઃખદ પરિસ્થિતિમાં મુકાઈ જાય છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે..
વૃષભ : (બ.વ.ઉ.)આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મિથુન : (ક.છ.ઘ.) આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
કર્ક : (ડ.હ.) પ્રવાસ-પર્યટન થાય.આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ : (મ.ટ.) મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
કન્યા : (પ.ઠ.ણ.) ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઇ જાય.
તુલા : (ર.ત.) અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
વૃશ્ચિક :(ન.ય.) સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.
ધન : (ભ.ફ.ધ.) પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
મકર : (ખ.જ.) પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
કુંભ : (ગ.શ.સ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
મીન : (દ.ચ.જ.થ.)પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય..

આજનો દિન મહાન

- યશવંત કડીકર

હિંદી ભાષાના તેજસ્વી,મહાપ્રાણ કવિ શ્રી સૂર્યકાંત ત્રિપાઠી(નિરાલા)ની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ૧૮૯૬માં બંગાળમાં થયો હતો. સત્તર વર્ષની વયે એમણે લેખનકાર્ય શરૂ કર્યું હતુ અને બંગાળમાં જ રહીને ‘સમન્વય’ તથા‘મતવાલા’ નામના બે સામયિકો ચલાવ્યા. એમણે પોતાની નવી દૃષ્ટિ વડે હિંદી કવિતા તથા સાહિત્યમાં છાપાંવાદનો નવો ચીલો શરૂ કરીને તેને ઓજસ તથા માધુર્ય આપ્યા. કવિતા અને નવલકથાના વીસેક પુસ્તકો તેમણે લખ્યાં છે.

આ મહાન સર્જકનું તા. ૧૫-૧૦-૧૯૬૧ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

બે વખત મારી સાથે દગો થવાના કારણે ચૂંટણી હાર્યો હતો : નથાભાઈ પટેલ

આ વખતે પક્ષ ટીકીટ આપે કે ન આપે ચૂંટણી લડવાની હોઈ સાથ સહકાર વેપારીઓની મીટીંગમાં માગ્યો

એન.કે. મોદી

તા.પ્રતિ. ધાનેરા

જેમ જેમ ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય ગતિ વિધીઓ તેજ થતી જાય છે આ વખતે નથાભાઈ પટેલે ચૂંટણી લડવા મન મક્કમ કરી ૧૮ મીટીંગો યોજી પ્રજાનો મુડ પારખવા તથા સહકાર આપવા વિનંતી કરી હતી.

ધાનેરા વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાને રાખી નથાભાઈ એચ. પટેલે ગતરોજ વેપારીઓના એક મીટીંગ બોલાવી હતી જેમાં વેપારીઓ અને નાના ધંધાદારીઓ વિગેરે અંદાજે ચારેક હજાર વેપારીઓ હાજર રહ્યા હતા.

વેપારીઓને નથાભાઈએ જણાવેલ કે, ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે, મારી ઈચ્છા વિધાનસભામાં ચૂંટણી લડવાની છે અગાઉ બે વખત ચૂંટણીમાં મારી સાથે દગો કરી મને હરાવેલ પરંતુ હું હિંમત નથી હાર્યો અને આજ દીન સુધી પ્રજા લક્ષી સેવાના કાર્યો કર્યા છે માર્કેટયાર્ડનો વિકાસ, શિક્ષણનો વિકાસ, કોલેજ તેમજ બેંક વિગેરેની સ્થાપના કરી લોકોને અગવડ ન પડે તે રીતે મહેનત કરી છે. મે ૧૮ મીટીંગો કરી છે, અને આજે તમારી પાસે પણ મત માગવા આવ્યો છું વધુમાં પક્ષ ટીકીટ આપે કે ન આપે મને આપનો સહકાર આપશો.

પાલનપુર તાલુકા પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

સંજય જોષી

પાલનપુર

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાથી અને એ.આર.ઝનકાંત નાયબ પોલીસ અધિક્ષક પાલનપુર વિભાગ તથા એન.ડી.અસારી સર્કલ પોલીસ ઈન્સપેક્ટર પાલનપુરનાઓના માર્ગદર્શન હેઠળ અગામી વિધાનસભા ચૂંટણી લગત વાહન ચેકીંગ કરી પરપ્રાંતથી આવતો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવા માટે સુચના કરતાં તે મુજબ એ.વાય.પટેલ પો.સબ.ઈન્સ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે એ.એસ.આઈ. બાબુલાલને મળેલ બાતમી હકીકત આધારે પ્રહી.નાકાબંધી કરી અશોક લેલેન્ડ દોસ્ત સ્ટ્રોગ એલ.એસ.કંપનીની સફેદ કલરની નંબર વગરની ગાડી તેના ચાલક વિજયકુમાર રમેશચંદ્ર બારોટ રહે.આબુરોડ રાજસ્થાનવાળાને પરપ્રાંતીય ઈંગ્લીશદારૂ કુલ બોટલ નં.૭૩૮ કિ.રૂા.૧,૦૫, ૦૦૦ તથા મોબાઈલ એક કિં.રૂા.૫૦૦ તથા ગાડી કિ.રૂા.૪,૦૦, ૦૦૦ મળી કુલ મુદ્દામાલ કિ.રૂા.૫,૦૫, ૫૦૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ પો.ઈ.એ.વાય.પટેલ ચલાવી રહ્યા છે.

ઢીમા ધરણીધર ભગવાન મંદિરના વિકાસ માટે ૫૦૦ લાખ ફાળવાતા ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ, ટૂંક સમયમાં કામ શરૂ થશે

ડીસા

રાજ્યના પવિત્ર યાત્રાધામોનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજય સરકારે સરહદી વિસ્તારની આસ્થાનું કેન્દ્ર સમા ધરણીધર ભગવાનના મંદિરના વિકાસઅર્થે પાંચ કરોડ રૂપીયા ફાળવતાં તેના એસ્ટીમેન્ટ વિગેરે પ્રક્રિયા પૂર્ણ થતાં ઓન લાઈન ઈ.ટેન્ડરીંગ પ્રક્રિયા માર્ગ અને મકાન વિભાગ પાલનપુરે શરૂ કરતાં ટૂંક સમયમાંજ તેનું કામ શરૂ થનાર હોવાનું માર્ગ અને મકાન વિભાગના સુત્રોએ જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે સરહદી વિસ્તારની આસ્થા સમા કાળીયા ઠાકર તરીકે ઓળખાતા ધરણીધર ભગવાનના મંદિર અને તેને સંલગ્ન સગવડો માટે રાજય સરકારે પાંચ કરોડ રૂપીયા મંજુર કરતાં મંદિરનો વિકાસ ઝડપી બનશે અને આ વિસ્તારની ધર્મપ્રેમી જનતાને સુંદર સગવડો ઉપલબ્ધ થશે.

મહાનગરપાલીકા અને નગરપાલિકાના સફાઈ કર્મચારી માટે રાજય સરકારનો મહત્વનો નિર્ણય

ફરજ દરમ્યાન મૃત્યુ પામનાર કર્મચારીના મૃત્યુ કે કાયમી અશકતના : અંગે વારસદારને રહેમરાહે નોકરી અપાશે : નાયબ મુખ્યમંત્રી

ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજયની મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓમાં કામ કરતા સફાઈ કર્મચારીઓ માટે રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. મહાનગર પાલિકા અને નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓનું ફરજ દરમ્યાન મૃત્યુ કે કાયમી અસમર્થ બને તો તેવા સંજોગોમાં રહેમરાહે નોકરી અપાશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે, મહાનગરપાલિકા અને નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓનું ફરજ દરમ્યાન મૃત્યુ થાય ત્યારે તેના વારસદારોને જીવન નિર્વાહ માટે તકલીફ ન પડે તે માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ વાળી આ સરકારે સંવેદનશીલ નિર્ણય કર્યો છે. મહાનગર પાલિકાઓમાં જો વારસદાર નોકરીના બદલે જો રોકડ સહાયની માંગણી કરે તો મહાનગરપાલિકા સહાય આપી શકશે. પરંતુ પછી તેના વારસદારને આ હકક મુજબ નોકરી મળશે નહી. રાજયની નગરપાલિકાઓમાં જગ્યા પર ફરજ બજાવતા કાયમી સફાઈ કર્મચારીઓ અશકતતા કે માંદગીના કારણોસર કે અન્ય અસામાન્ય કારણોને લીધે ફરજો બજાવી શકે તેમ ન હોય, અશકતતા/ માંદગીના કારણે નોકરી કરવા અસમર્થ બને તેવા કિસ્સાઓમાં રહેમરાહે નોકરી આપવામાં આવશે, તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે શહેરી વિકાસ વિભાગે આ માટે ૪૮ % મહેકમ ખર્ચની જે મર્યાદા હતી તે સફાઈ કામદારોની ભરતી કરવા માટે કેટલીક શરતો સાથે રદ કરી છે. જેથી હવે રોજમદાર કર્મચારીઓને કાયમી કરવા માટે નગરપાલિકાને વધુ સત્તા મળશે.

મીઠી પાલડીમાં પી.એચ.સી.નું લોકાર્પણ

પ્રતિનિધિ મીઠી પાલડી

ગઈકાલ તા. ૧૪/૧૦/૨૦૧૭ ના પ્રા.આ.કેન્દ્ર મીઠી પાલડીના નવીન મકાનનું લોકાર્પણ તેમજ નવીન પ્રા.આ.કેન્દ્ર રવેલ તેમજ જાલોઢાનું ખાતમુહુર્ત મીઠીપાલડી ખાતે રાજયકક્ષાના મંત્રી કેશાજી ચૌહાણના વરદ હસ્તે યોજવામાં આવેલ. જેમાં તાલુકા પ્રમુખ દિયોદર, ભાજપ મહામંત્રી દિયોદર, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.બી.એસ. વ્યાસ, ના.કા.પા.ઈ પી.આઈ.યુ પાલનપુર, ડૉ.એમ.પી. પરમાર મીઠી પાલડી, ડૉ.એ.કે. મેવાડા રવેલ, ડૉ.શૈલેષ ચૌધરી જાલોઢા, ડૉ.કિરણ ડાભી, સુપરવાઈઝર કે.ડી.પટેલ, ટી.આઈ.સી. ઓ.એ.વી. મહેતા, ટી.એચ.વી બેન સી.ટી. નગરીયા તેમજ અન્ય ગામોના સરપંચો અને ગ્રામ આગેવાનો આરોગ્ય કર્મચારીઓ, આશાબહેનો, આંગણવાડી કાર્યકર બહેનો, વિવિધ આગેવાનો, ગ્રામજનો અને તમામ પ્રા.આ.કેન્દ્ર આરોગ્ય સ્ટાફ બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.

અંકલેશ્વર જીઆઈડીસીમાં સંસ્કારદીપ વિદ્યાલયમાં પ્લેનેટોરીયમનો પ્રારંભ

subhasri pigments PLANETARIUM

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં સંસ્કારદીપ વિદ્યાલય ખાતે શુભશ્રી પિગમેન્ટસના સહયોગથી જિલ્લાના શાળાકીય સ્તરે પ્રથમ પ્લેનિટોરીયમને કાર્યરત કરવામાં આવ્યો છે.

પ્લેનિટોરીયમમાં હવે જિલ્લા બાળકો ખગોળીય જ્ઞાન મેળવી શકશે. અવકાશ વિજ્ઞાન માટે બાળકોને અત્યારથી જ તૈયાર કરવાની દિશામાં પ્રથમ સોપાનની શરૂઆત કરવામાં આવી છે. બાળકો આવકાશના ગુઢ રહસ્યોને જાણી શકે તથા અવકાશ ક્ષેત્રમાં તેમની અભિરૂચિમાં વધારો થાય તે માટે પ્લેનિટોરીયમનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવું ટ્રસ્ટી મંડળના એન.કે.નાવડીયા, દાતા કે.શ્રીવત્સન, હિતેન આનંદપુરા શાળા સંચાલક સુધાબેન વડગામાએ જણાવ્યું હતું. દિવાળી પછી શહેરીજનો આધુનિક સાધનોની મદદથી અવકાશ દર્શન કરી શકશે. જેમાં વિદ્યાર્થી માટે નિભાવન ખર્ચ રૂપે ૨૦ રૂપિયા અને વયસ્કો માટે ૫૦ રૂપિયા ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. એક સાથે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ એક સાથે અવકાશ વિજ્ઞાનને નિહાળી શકશે. બાળકો તારા, ગ્રહો, નક્ષત્રો, રાશિ, સહિતના ગૂઢ રહસ્યો જાણી શકે તે માટે આપણા ભારતીય ખગોળીય વિજ્ઞાન આધારિત માહિતી ગેલેરી પણ ઉભી કરવામાં આવી છે.

બિન અવેજ અદલો બદલો વહેંચણી લેખ અને હક્ક કમી કરવાનો કોઈ બાધ નથી : મુખ્યમંત્રી

ગાંધીનગર

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વારસાઈમાં મળેલી જમીનમાં વારસદારો વચ્ચે બિન અવેજ અદલો બદલો વહેંચણી લેખ અને હક્ક કમી કરવાના કિસ્સામાં અગાઉ ૫ વર્ષની સમય મર્યાદા સુધી ૧૦૦ રૂપિયાની સ્ટેમ્પડ્યૂટી ભરીને કરવામાં આવતી કાર્યવાહીમાંથી હવે એ સમય મર્યાદા દૂર કરવાનો નિર્ણય કર્યો છે. વિજયભાઈ રૂપાણીના આ નિર્ણયને કારણે હવે સમય મર્યાદાના કોઈ બાધ વિના માત્ર ૧૦૦ ની સ્ટેમ્પ ડ્યુટી વાપરી આવી કાર્યવાહી થઈ શકશે. મુખ્યમંત્રી સમક્ષ ભારતીય કિસાન સંઘ સહિતની અનેક સંસ્થાઓએ કરેલી રજૂઆતના સંવેદનશીલ અભિગમથી પ્રતિસાદ આપતા વિજયભાઈ રૂપાણીએ આ નિર્ણય કર્યો છે.

અંકલેશ્વર તાલુકાના સારાંગપુર અને ઉછાલી ખાતે

અમરાવતી નદીમાં રાસાયણિક પાણી ઠલવતા જળચરોનાં મોત

અંકલેશ્વર

તારીખ ૧૩મી ઓકટોબરના રોજ અંકલેશ્વર તાલુકાના સારાંગપુર અને ઉછાલી ખાતે ગુમાનદેવ ફાટક પાસે અમરાવતી નદીમાં રાસાયણિક પાણીના નિકાલના કારણે પક્ષીઓના મોત થયાં હતા. જેથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ બનાવની જાણ થતાં જીપીસીબીની ટીમે આવીને મૃત માછલાં તેમજ નદીમાં રહેલ કેમીકલયુક્ત પાણીનાં નમૂના લીધા હતા અને રાસાયણિક પાણી કઈ દિશામાંથી આવ્યું હતું તેની પણ તપાસ હાથ ધરી છે. સારાંગપુરના જયંતીભાઈ વસાવાએ કહ્યું હતું કે, જે અસંખ્ય માછલાના મોત નીપજયા છે તેના માટે જવાબદાર સામે પગલાં લેવામાં આવશે કોઈ ઉદ્યોગ દ્વારા પાણી છોડવામાં આવ્યું છે કે કોઈ નદીમાં ઠાલવી ગયું હોઈ શકે છે.

દાંતાથી પી.એસ.આઈ.નો વિદાય સમારંભ યોજવામાં આવ્યો

પ્રતિનિધિ દાંતા

દાંતા થી પી.એસ.આઈ.વાળા છેલ્લા એક વર્ષ પાંચ માસથી દાંતા પો.સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. જેમની વલસાડ જિલ્લામાં બદલી થતાં તાલુકાના આગેવાનો અને દાંતા પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં તાલુકાના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને દાંતા સ્ટેટના યુવરાજ સિધ્ધરાજસિંહજી, મહારાજ પરબતસિંહજી અને કુવર હર્ષદસિંહજીની ખાસ ઉપસ્થિતિ રહી હતી. પી.એસ.આઈ.એ દાંતા તાલુકાના બંધાજ આગેવાનો તેમજ પો.સ્ટેશન સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

સરકારી વિનયન કોલેજ ખાતે ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

સરકારી વિનયન કોલેજ અમીરગઢ ખાતે ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાવામાં આવ્યો. જેમાં કોલેજના આચાર્ય નરેશભાઈ આર. ચૌધરીએ ટેબલેટની ઉપયોગિતા અને તેના મહત્વ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ અમીરગઢ તાલુકા યુવા પ્રમુખ રામલાલ મિણાના હસ્તે ૧૧૯ ટેબલેટનું વિતરણ વિદ્યાર્થીઓને કર્યું હતું.

નવી દિલ્હી પહેલી જ વાર ડ્રિંક ટેકનોલોજી ઈન્ડિયા હોસ્ટ કરશે

પીણાં, ડેરી અને પ્રવાહી ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગનું વાર્ષિક પ્રદર્શન ડ્રિંક ટેકનોલોજી ઈન્ડિયા પ્રગતિ મૈદાન એક્ઝિબિશન સેન્ટર ખાતે ૨૬મીથી ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૭ દરમિયાન પહેલી જ વાર નવી દિલ્હીમાં યોજાઈ રહ્યું છે. આ વેપાર મેળો હવે દર વર્ષે ભારતભરની ઉચ્ચ વૃદ્ધિની સંભવિત બજારોમાં યોજાશે. મૂળભૂત રીતે ડીટીઆઈ ૨૦૧૭ નવી દિલ્હીના પ્રગતિ મૈદાન સેન્ટર ખાતે ફક્ત એક પ્રદર્શન હોલ માટે નિયોજિત કરાયું હતું. જોકે ભારતમાં ડીટીઆઈની ઉત્કૃષ્ટ નામના અને ક્ષેત્રમાંથી મજબૂત માગણીને લઈ ડીટીઆઈ વધુ એક હોલ દ્વારા નિયોજિત જગ્યા વધારીને વિસ્તરણ કરાયું છે. ડીટીઆઈ ૨૦૧૭એ પ્રદર્શનકારીઓ પાસેથી મજબૂત રુચિ આકર્ષી છે. હજારો બ્રાન્ડ્સનું પ્રતિનિધિત્વ કરતાં લગભગ ૨૦૦ પ્રદર્શનકારીઓએ ભાગ લીધો છે.ભારતીય બજાર માટે ક્ષેત્રમાંથી મજબૂત માગણી પીણાં, ડેરી, પ્રવાહી ખાદ્ય અને સંકળાયેલા પેકેજિંગ ઉદ્યોગના મહત્ત્વને અધોરેખિત કરે છે.

દિવાળીની ઉજવણી માટે મરહબાની વિશેષ ભાડાની ઓફર્સ

અમદાવાદ

મરહબાએ પ્રકાશના ઉત્સવ દિવાળીની ઉજવણી માટે સિલ્વર અને ફેમિલી પેકેજીસમાંસ્પેશ્યલ ઓફર્સની જાહેરાત કરી છે.ગ્રાહકોને તા. ૧૨ થી ૨૨ ઓક્ટોબર દરમ્યાન સિલ્વર અને ફેમિલી કેટેગરીમાં પોપ્યુલર મીટ અને આસિસ્ટ સર્વિસીસમાં ૧૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટની ઓફર કરાઈ છે. આ ઓફર પ્રમોશનલ કોડ DIWALI ૨૦૧૭ નો ઉપયોગ કરીનેhttp://www.marhabaservices.comઉપર બુક કરી શકાશે.આ સર્વિસ દિવાળીની સીઝનમાં અને ધનતેરસ અને ભાઈબીજ જેવા તહેવારોમાં દુબઈમાં (દુબઈ ઈન્ટરનેશનલ ટર્મિનલ ૨ અને અલમકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર) સિલ્વર મીટ અને આસિસ્ટમાં છઈઢ ૧૧૩ માં અને ફેમિલી મીટ અને આસિસ્ટમા AED ૧૮૦ના દરે ઉપલબ્ધ રહેશે. દુબઈ એરપોર્ટસની મરહબા લોન્જીસ ગ્રાહકોમાંદિવાળીની ભાવના સાકાર કરી દિવાળીની સીઝનની ઉજવણી માટે ભારતના વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતી પરંપરાગત વાનગીઓ અને વિશિષ્ઠ ડેઝર્ટ ઓફર કરશે.ભારતની ૧૧ ભાષા બોલતો સ્ટાફ હોય કે સમગ્ર વર્ષ દરમ્યાન ભારતીય વાનગીઓનું મેનુ હોય મરહબા અન્ય ઉપરાંત તેનાભારતના ગ્રાહકોના સ્વાદ અને આરામની કાળજી લે છે. મરહબા તેની લોંજીસ તથા મીટ એન્ડ આસિસ્ટ સર્વિસીસ દુબઈએરપોર્ટ-DXBનાં તમામ ચાર ટર્મિનલ્સ અને દુબઈના અલમકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ - DWC ઉપરથી ઓપરેટ કરે છે.

ઓરિફ્લેમની ‘વન એક્સપ્રેસ’ શ્રેણી સાથે ફેશનેબલ દેખાવ

મહિલાઓ હવે ફેશન ચલન પર ન માત્ર સહજતાથી અમલ કરી રહી છે પરંતુ તે પોતાના બદલતા દૃષ્ટિકોણ સાથે સ્વયંને ટ્રેન્ડ્સેટર્સ રૂપે પણ સ્થાપિત કરી રહી છે. તેમને સ્વયંને વધુ ખાસ ઢંગથી ચમક-દમકની સાથે અભિવ્યક્ત કરવામાં સક્ષમ બનાવવા માટે પ્રમુખ ડાયરેક્ટર સેલિંગ કોસ્મેટિક બ્રાન્ડ ઓરિફ્લેમ ઈન્ડિયાએ પોતાની આકર્ષક અને નવી પ્રોડક્ટ લાઈન ‘વન એક્સપ્રેસ’ રેન્જ રજૂ કરી છે જેમાં બોલ્ડ લિપ ક્રેયંસ, આકર્ષક ડ્યુઅલ ડ્રામા કોલ આઈ પેન્સિલ અને સુંદર નેલ પેંટ્સ સામેલ છે. ઓરિફ્લેમ દ્વારા આ આકર્ષક અને નવી સબ-રેન્જને એ મહિલાઓની જરૂરિયાતો પૂરી કરવાના આશયથી તૈયાર કરવામાં આવી છે જે રચનાત્મક રીતે નવા બદલાવને પસંદ કરે છે. ૭૩ ટકા મહિલાઓ સ્વયંને રચનાત્મક સમજે છે અને સ્વયંને અભિવ્યક્ત કરવા માટે અને આકર્ષક રીતો શોધે છે. આ તથ્યને ધ્યાનમાં રાખતા ‘વન એક્સપ્રેસ’ રેન્જ તેમને પોતાના મેકઅપ વગર આકર્ષક દેખાવામાં મદદરૂપ બને છે.

હિમાંશુ મલ્હોત્રા શંકર જયકિશન ૩ ઈન ૧ના કલાકારો સાથે જોડાયો

ટેલિવિઝનની ધડકન હિમાંશુ મલ્હોત્રા ટૂંક સમયમાં જ સોની સબ પર શંકર જય કિશન ૩ ઈન ૧માં જોવા મળશે. તે સ્માર્ટ અને ચતુર પ્રેમની ભૂમિકામાં જોવા મળવાનો છે. પ્રેમ કિશન (કેત્તન સિંહ)ના જીવનમાં જોખમ બનીને આવે છે. પ્રેમ જયનો બેસ્ટ ફ્રેન્ડ હોવાનો દેખાડો કરે છે. તેને જયને ધિક્કારતા બાબા ભૌકાલ સાથે સારાસારી છે. જયને લાગે છે કે પ્રેમ ડિંપલ (કૃતિદા મિસ્ત્રી)ના પ્રેમમાં છે અને તેણીને પોતાની જોડે પાછી લઈ જવા માટે આવ્યો છે. પ્રેમ ખરેખર સારો માણસ છે એવું તેને લાગે છે. ડિંપલ પ્રત્યે પ્રેમભાવને સમજતાં તેને લાગે છે કે પ્રેમ અને ડિંપલે એકત્ર આવવું જોઈએ. આ ભૂમિકા વિશે બોલતાં પ્રેમની ભૂમિકા ભજવતો હિમાંશુ મલ્હોત્રા કહે છે, હું પ્રેમની ભૂમિકા ભજવી રહ્યો છે. આ પાત્રનું નામ ભૂમિકા લેવા માટે પૂરતું પ્રતીકાત્મક છે. તે બહુ ધનાઢ્ય છે અને સેન્સ ઓફ હ્યુમર પણ સારી છે, જેથી ડિંપલ (કૃતિદા મિસ્ત્રી) તેનાથી આકર્ષાય છે. જોતા રહો પ્રેમ તરીકે હિમાંશુ મલ્હોત્રાને સોની સબ પર શંકર જય કિશન ૩ ઈન ૧માં, સોમવારથી શુક્રવાર, રાત્રે ૯.૩૦, ફક્ત સોની સબ પર!

જીબીટીએલ - ગ્રાસિમે સદીના મહાનાયક શ્રીઅમિતાભ બચ્ચનને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા

અમદાવાદ

જીબીટીએલ લિમિટેડ (પૂર્વનામ ગ્રાસીમ ભિવાની ટેકસાટાઈલ લિમિટેડ) એ સદીના મહાનાયક શ્રી અમિતાભ બચ્ચનનેપોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની ઘોષણા કરી છે.કંપનીનું કહેવું છે કે તેમના આ પગલાથી ભારતમાં ‘ઓવર ધ કાઉન્ટર’ફેબ્રિક રિટેલિંગનો ઈતિહાસ બદલાઈ જશે. શ્રી બચ્ચન તેમની વિશેષશૈલી માટે ઓળખાય છે અને ફિલ્મકેર ગ્લેમર સ્ટાઈલ એન્ડ ફેશન દ્વારા તેમનાટાઈમલેસ ફેશન આઈકોનથી સમ્માનિત કરવામાં આવી ચૂક્યા છે. શ્રીબચ્ચનની સાથે જોડાવાની પાછળ કારણ આ છે કે જીબીટીએલ -ગ્રાસિમ(ટીએમ ગ્રાસમિની લાઈસેન્સ પ્રયોક્તા) પૂરા ભારતની સાથે-સાથે વૈશ્વિક બજારોમાં પણ પોતપોતાનો વિસ્તાર કરવા ચાહે છે અનેઆ રીતે કંપની માર્કેટ લીડર બનાવના પોતાના રણનૈતિક લક્ષ્ય તરફ પ્રગતિ કરશે.

ભાભર અસાણા ગામ પાસેથી વિદેશી દારૂ ભરીને જતી જીપ ઝડપાઈ

પોલીસે રૂા.૧.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ફરાર આરોપી સામે ગુનો નોંધતા બુટલેગરોમાં ફફડાટ

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના અસાણા ગામ પાસેથી પોલીસને એક માર્સલ જીપ ગાડીમાંથી વિદેશી દારૂની ૭૨૦ બોટલ મળી આવી હતી. જોકે આરોપી નાસી છૂટ્યો હતો. ભાભર પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન બાતમી આધારે અસાણા હાઈવે રોડ ઉપરથી પસાર થઈ રહેલ માર્સલ જીપ નં.(જી.જે.૦૮. એ.ઈ.૪૫૧૨) ના ચાલકને પોલીસે ગાડી રોકાવવાનું કહેતા ચાલકે ગાડી દુર ઉભી રાખીને ફરાર થઈ ગયો હતો. ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો નંગ ૭૨૦ (કિ.રૂા.૭૨૦૦૦) તથા ગાડી (કિ.રૂ.૧,૦૦,૦૦૦) મળી કુલ ૧,૭૨,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ ભાભર પોલીસ મથકે ફરાર આરોપી સામે ગુનો નોંધ્યો છે.

પાંચડામાં કાયમી પોસ્ટમેન મુકવાની માંગ

પ્રતિનિધિ પાંચડા

પાંચડા કેન્દ્રનું ગામ છે. ગામમાં મધ્યસ્થ બેંક અને ગ્રામીણ બેંક છે. પોસ્ટ કચેરી છે. પોસ્ટ કચેરીના કર્મચારી સમયસર હાજર રહી સારી કામગીરી કરતા હોય છે. જે આ પહેલાં થોડી અનિયમિતતા હતી. તે દુર થઈ છે. બ્રાન્ચ પોસ્ટ માસ્તર મેમદપુર ગામના ઠાકોર જાતિના ઉત્સાહી યુવાન છે.

ગામ મોટું છે. નજીક મેજરપુરા, કરશનપુરા-સલેમકોટ, પુંજપુર, શેરપુરા ગામો છે. પગારદારી સરકારી પોસ્ટમેન નિમાય તે જરૂરી છે. સાંભળવા પ્રમાણે પોસ્ટમેન છે. પરંતુ તેમને તેની સેવા પેટે પોસ્ટ માસ્તર પોતાના પગારમાંથી પૈસા આપતા હોય છે. તેથી કાયમી પોસ્ટમેન મુકવાની માંગ ઉઠવા પામી છે.

વડગામના મેપડા ગામે ૨૫ ઘેટાં-બકરાના મોત

વડગામના મેપડા ગામે ચારો ખાતાં ૧૦૦ જેટલાં ઘેટાં-બકરાને ખોરાકી ઝેરની અસર થઈ હતી જેમાં ૨૫ ઘેટાં - બકરાનું મૃત્યુ નિપજતાં જીવદયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

ડિજિટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર

રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવા મોબાઈલ એપનો શુભારંભ

ડિજિટલ પોર્ટલ સાથે જોડીને ૪૦ થી વધુ સેવાઓનો એપ્લિકેશનમાં સમાવેશ કરાયો : જમીન મહેસુલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને શિક્ષણ વિભાગની ૮૩ જેટલી વિવિધ સેવાઓ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ

પાલનપુર

રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાના લાભો અંતરિયાળ વિસ્તાર સુધી ટેકનોલોજીના માધ્યમ દ્વારા પહોંચે તે માટે રાજ્ય સરકારે આ સેવાઓ મોબાઈલ એપ દ્વારા પહોંચાડવા મોબાઈલ એપનો શુભારંભ કર્યો છે. જનસેવા કેન્દ્ર અંતર્ગત વિવિધ સરકારી સેવાઓને ડિજિટલ બનાવવાનો નવતર અભિગમ અપનાવી ડિજિટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે ગુજરાતે અગ્રીમ કદમ ઉપાડ્યું છે. એમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા જણાવ્યું છે. વિભાગે વધુમાં જણાવ્યું છે કે, ગુજરાત સરકારે વિવિધ યોજનાકીય લાભો નાગરિકોને ડિજિટલ માધ્યમથી પહોંચાડવા માટે ૧ લી એપ્રિલ-૨૦૧૬ થી ડિજિટલ ગુજરાત પોર્ટલની શરૂઆત કરાઈ છે. મોબાઈલ એપને આ પોર્ટલ સાથે જોડીને ૪૦ થી વધુ સેવાઓનો આ એપ્લિકેશનમાં સમાવેશ કરાયો છે. આ એપ્લિકેશન ડિજિટલ ગુજરાત પોર્ટલ સાથે જોડાયેલી છે. પ્રાથમિક તબક્કે ૪૦ જેટલી સેવાઓનો આ એપ્લિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને આગામી સમયમાં ૫૦૦ થી વધુ સરકારી સેવાઓનો લાભ આ એપ્લિકેશન દ્વારા લોકો સુધી પહોંચાડવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. આ એપ્લિકેશનમાં આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર, ઈ-ધરા અને રેશનકાર્ડ જેવી લોકોપયોગી સેવાઓનો સમાવશે કરવામાં આવ્યો છે. આ એપ્લિકેશનની મદદથી નાગરિકો ડિજિટલ લોકર પણ ઓપરેટ કરી શકશે. જેને લીધે ભવિષ્યમાં અન્ય સેવાના લાભ માટે ડોક્યુમેન્ટ વેરીફીકેશન પ્રક્રિયા સરળ બનશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા ૧ લી એપ્રિલ ૨૦૧૬ થી ડિજિટલ ગુજરાત પોર્ટલનો શુભારંભ કરી દેવાયો છે. જે રાજ્યના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ માટેનું એક પ્લેટફોર્મ પર પુરી પાડે છે. રાજ્યમાં હાલ જમીન મહેસુલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શિક્ષણ વિભાગ તથા પંચાયત વિભાગની ૮૩ જેટલી સેવાઓનો લાભ આ પોર્ટલનાં માધ્યમથી પુરો પાડવામાં આવી રહ્યા છે. આ પોર્ટલ દ્વારા પ્રી- મેટ્રિક અને પોસ્ટ- મેટ્રિક સ્કોલરશીપ યોજના (૬૦ યોજના) ના લાભ સીધા લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં આપવાની મહત્વાકાંક્ષી યોજના રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૬

ભદ્રેવાડી પ્રાથમિક શાળામાં નવિન મકાનનું ભૂમિપુજન

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના ભદ્રેવાડી પ્રા.શાળામાં પૂરના કારણે ધ્વસ્ત થયેલ મકાનના બદલે નવિન મકાન સરકાર દ્વારા ફાળવવામાં આવેલ તે અનુસંધાને શાળામાં વિજય મુહુર્તમાં નવિન મકાનનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ભૂમિ પૂજન યોજાયેલ આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય ધારશીજી ખાનપુરા, ચંદુજી બનાસબેંક ઈન્સ્પેક્ટર, ગામના સરપંચ કાન્તિજી જાલેરા, પૂર્વ સરપંચ ધારસીજી જાલેરા, એસ.એમ.સી.અધ્યક્ષ ભુરાજી જાલેરા, ડે.સરપંચ અને એસ.એમ.સી. ઉપાધ્યક્ષ જીતેન્દ્રભાઈ શાહ, ફકરૂદિન ઉકાણી, દિલુભા વાઘેલા, કિરણભાઈશાહ, ખેમાભાઈ પરમાર, તારાજી, પ્રભાતજી, સાગરભાઈ ગજ્જર, છગનભાઈ દેસાઈ, માધ્યમિક શાળાના આચાર્ય, દશરથભાઈ, બાલાભાઈ સુથાર, ગણાજી ભદ્રેવાડીયા, જેઠાભાઈ પરમાર, શાળાના આચાર્ય ગોપાલભાઈ જોષી, કોહેઝન સંસ્થાના પ્રતિનિધિ, ગામના વડીલો, શાળાના તમામ શિક્ષકો ઉપસ્થિત રહેલ.

શુભપ્રસંગે ભૂમિપૂજનમાં ગજ્જર રામાભાઈ તરફથી શાળાને ૨૧૦૦૦ રૂા.નું દાન આપવામાં આવેલ. નવકાર મિત્ર મંડળ, મુંબઈના પ્રતિનિધિઓ તરફથી ૧,૨૫,૦૦૦ રૂા.નો શેડ શાળામાં બાંધી આપવાની જાહેરાત કરવામાં આવેલ. શેડનું કામ શરૂ પણ કરાવી નાખેલ છે. સમગ્ર ભૂમિપૂજનનું વિધિવિધાન જયંતીભાઈ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત આચાર્ય દ્વારા કરવામાં આવેલ. ધારાસભ્યનું શાલ અને પુષ્પમાળા પહેરાવીને ગામના સરપંચ અને એસ.એમ.સી. અધ્યક્ષ દ્વારા સન્માન કરાવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ.

લાખણી બસ સ્ટેન્ડ ઉપર ટ્રાફિક ચક્કાજામ

રોડ ઉપર વાહનોનો ખડકલો : રાહદારીઓ ત્રાહીમામ

પ્રતિનિધિ વાતમ

લાખણીને તાલુકા મથકનો દરજ્જો મળવા છતાં વર્ષો જુની ટ્રાફિકની સમસ્યા અકબંધ રહેવા પામી છે. તેમાં પણ ગઈકાલે શનિવારે બસસ્ટેન્ડ ઉપર ગેળા જતાં ભાવિકોનો ઘસારો અને દિવાળી નિમિત્તે ખરીદી માટે ઉમટી પડેલી ગ્રામીણ જનતાના કારણે ટ્રાફિકની સ્થિતી વણસી ગઈ હતી. હાલમાં દિવાળીનો માલ લઈને આવતી ખાનગી ટ્રકો અને પિકઅપ ડાલા મુખ્ય રસ્તામાં જ આડેધડ ઉભા કરી દેવાય છે. જેના કારણે ટ્રાફિક ચક્કાજામ થાય છે. આ બાબતે કોઈ જાગૃત નાગરિક રોડ સાઈડમાં પાર્ક કરવાનું કહે તો ડાલાવાળા એકદમ આવેશમાં આવી જઈ લુખ્ખી દાદાગીરી ઉપર ઉતરી આવે છે. જેના કારણે કાયદાના જાહેરમાં લીરેલીરા ઉડે છે. બસસ્ટેન્ડ સહિતના રોડ ઉપર આડેધડ પાર્ક પડેલા વાહનોના કારણે ટ્રાફિક જામ થાય છે. જે ટ્રાફિકમાં વાહન ચાલકો અને રાહદારીઓ કલાકો સુધી અટવાય છે. તેમ છતાં ટ્રાફિક પોલીસ માત્ર તમાશો નિહાળતી હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા છે.

લાખણીને તાલુકા મથકનો દરજ્જો મળતા અવનવી સવલતો મળવા પામી છે. પરંતુ ટ્રાફિકની સમસ્યા ઉલટાનું દિન- પ્રતિદિન વિકરાળ બનતી જાય છે. જેને લઈને આમ પ્રજા ભારે હાડમારીઓ વેઠે છે. તેને ગંભીરતાથી લઈ સત્વરે ટ્રાફિકના નિયમન માટે બાહોશ પોલીસ જવાનો મુકવાની માંગ ઉઠવા પામી છે.

અર્બન વાઈ-ફાઈ પ્રોજેક્ટ

નાગરિકોને મફત ઈન્ટરનેટ સુવિધા પુરી પાડવા પબ્લિક વાઈ-ફાઈ હોટ સ્પોટપ્રોજેક્ટ કાર્યાન્વિત

અ અને બ વર્ગની ૫૬ નગરપાલિકાઓને પ્રાથમિક તબક્કે આવરી લેવાશે : દરેક શહેરમાં ૭ થી ૧૦ જેટલા વાઈ-ફાઈઝોન બનાવાશે

પાલનપુર

રાજ્યના નાગરિકોને મફત ઈન્ટરનેટની સુવિધાઓ ઘર આંગણે જ પ્રાપ્ત કરવા માટે રાજ્ય સરકારે અર્બન વાઈ- ફાઈ પ્રોજેક્ટ કાર્યાન્વિત કર્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં ગુજરાત સ્ટેટ અર્બન એરિયા નેટવર્ક હેઠળ નાગરિકોને વાઈ- ફાઈ સુવિધા પુરી પડાશે. પબ્લિક વાઈ-ફાઈ હોટ સ્પોટ પ્રોજેક્ટ હેઠળ ૩ લાખથી વધુ વપરાશકર્તાઓને આનો લાભ મળશે. એમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા જણાવાયું છે.

વિભાગ દ્વારા જણાવાયાનુસાર આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની અ અને બ વર્ગની ૫૬ જેટલી નગરપાલિકાઓને પ્રાથમિક તબક્કે આવરી લેવાશે અને દરેક શહેરમાં ૭ થી ૧૦ જેટલા વાઈ- ફાઈ ઝોન બનાવાશે. જેમાં બસસ્ટેન્ડ, સિવિલ હોસ્પિટલ, ટાઉન લાયબ્રેરી અને નાગરિકોની મહત્તમ અવરજવરવાળા સ્થળોએ મફત ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ બનશે.

પ્રાથમિક તબક્કે રાજ્યના પાટણ, મહેસાણા, સાણંદ, મોડાસા, હિંમતનગર, નડિયાદ, ડભોઈ, પોરબંદર ગોંડલ, વઢવાણ, વલસાડ જેવા શહેરોને આવરી લેવાનું આયોજન છે. આ શહેરોમાં સીટીબસ સ્ટેન્ડ / ડેપો, નગરપાલિકા, મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારી કચેરી, જિલ્લા/ તાલુકા કોર્ટો, જિલ્લા / તાલુકા કક્ષાની લાયબ્રેરીઓ, સિવિલ હોસ્પિટલ જેવા સ્થળોએ નાગરિકોને મફત અનલિમિટેડ ઈન્ટરનેટ સુવિધાઓ પુરી પાડવા એક્સેસ પોઈન્ટ ઈનસ્ટોલ કરવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ જાહેર સ્થળોએ નાગરિકોને ઈન્ટરનેટ સુવિધા પુરી પાડવાનો છે. આ પ્રોજેક્ટ સંપૂર્ણ અમલી બનતા ૩ લાખથી વધુ વપરાશકર્તાને તેનો લાભ મળશે. નાગરિકો માટે પબ્લિક ઈન્ટરનેટ એક્સેસ માળખાની સ્થાપના દ્વારા શહેરી વિસ્તારોમાં નાગરિકોને, પ્રવાસીઓને, વિદ્યાર્થીઓને આધારભુત અને સુવિધાપૂર્ણ ઈન્ટરનેટ વાઈ-ફાઈકનેક્ટીવિટી પુરી પડાશે. પ્રોજેક્ટ દ્વારા નાગરિકો ઈન્ટરનેટ એક્સૅસ સુવિધા, શિક્ષણ અને ડિજિટલ સાક્ષરતા, માહિતી ઝડપથી મળશે, માહિતી અને જાગરૂકતાનું ડિજિટલ આદાનપ્રદાન, નાગરિકો અને સરકારી સેવાઓનું સંમેલન અને ઉપયોગ જેવા વિવિધ લાભો મળશે.

દીઓદરમાં ગૌરવ યાત્રામાં યુવા મોરચાની રેલી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

તા.૧૨ના રોજ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાત ગૌરવ યાત્રા લઈ દીઓદર નગરે પધારેલ ત્યારે થરા તરફથી આવી રહેલ ગૌરવ યાત્રાના સ્વાગતમાં દીઓદર તાલુકા યુવા મોરચા દ્વારા બાઈક રેલી યોજવામાં આવેલ. જેમાં બ.કાં.જિલ્લા ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ રમેશભાઈ ચૌધરી,દીઓદર તાલુકા યુવા ભાજપ પ્રમુખ નાગજીભાઈ દેસાઈ,મહામંત્રી ભરતભાઈ જોષી સહિતની ટીમ મોટી સંખ્યામાં જોડાયેલ.યુવકોએ વાઈટ કલરના ટી શર્ટ સાથે માથે ભાજપની ટોપી પહેરી ભારે આર્ષકણ જમાવેલ.

સામરવાડા નજીક માર્ગ અકસ્માતમાં મહિલાનું મોત

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં જીવલેણ અકસ્માતના બનાવોની પરંપરા જારી રહેવા પામી છે ત્યારે ગતરોજ ધાનેરાના સામરવાડા નજીક બાઈક અને ટ્રક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં એક મહિલાનું મોત થયું હતું. જયારે એકની હાલત ગંભીર જણાતાં તેને ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં રિફર કરવામાં આવેલ.

પાલનપુરમાં બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો રૂા.૨૦,૦૦૦ ની મત્તા ચોરી ફરાર

કરીયાણાની દુકાનમાંથી સરસામાનની ચોરી

પાલનપુર

પાલનપુર શહેરમાં તસ્કરોએ ફરી માથું ઉંચક્યું હોય તેવું સ્પષ્ટ જણાય છે, ત્યારે તા.૧૩/૧૦/૨૦૧૭ ની મધ્યરાત્રી દરમિયાન પાલનપુરની ગુલાબપાર્ક સોસાયટી (ગણેશપુરા રોડ) ખાતે રહેતા તુષારભાઈ કાન્તીલાલ રાણા (વણકર)ના બંધ મકાનના દરવાજાના તાળા- નકુચા તોડી કોઈ અજાણ્યા તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના - ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂા.૨૦,૦૦૦ ની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા તેમજ સાહેદ વાસુદેવ બાબુલાલ મોદીની કરીયાણાની દુકાનના તાળા તોડી અંદરથી કરીયાણાનો સામાન ચોરી કર્યાના ગુના બાબતે પાલનપુર સીટી પોલીસ મથકે મકાનમાં થયેલી ચોરી બાબતે તુષારભાઈ કાન્તીલાલ રાણાએ ફરિયાદ નોંધાવતા ફ.ગુ.ર.નં. ૧૦૮/૨૦૧૭ થી આઈ.પી.સી. કલમ૪૫૭, ૩૮૦ મુજબ એ.એસ.આઈ. બચુભાઈ ખાતરાભાઈએ ગુન્હો નોંધ્યો હતો. જેની તપાસ એ.એસ.આઈ. ધનાભાઈ ચલાવી રહ્યા છે.

ખરડોસણ ગામે શ્રી ચોસઠ માતાના મંદિરે યજ્ઞ યોજાયો

આસેડા

ડીસા તાલુકાના ખરડોસણ ગામે શ્રી ચોસઠ માતાના મંદીરે યજ્ઞ (હવન)કરવામાં આવ્યો હતો. તેમાં ભુવા મફાજી ઠાકોર તથા ખરડોસણ ગામના લોકો મોટી સંખ્યામા હાજર રહ્યા હતા.

ડીસાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ દ્વારા સફાઈ ઝુંબેશ

ડીસા

રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ગત તા.૧૩/૧૦/૨૦૧૭ ના રોજ સેંટ ઝેવિયર્સ સ્કૂલ ડીસાના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ભાર્ગવ ભટ્ટના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. સ્વયં સેવકો દ્વારા ડીસા બસ સ્ટેશનમાં સફાઈ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સાથે સાથે જાહેરમાં ગંદકી ફેલાવતા લોકોને સ્વયં સેવકોએ પુષ્પ અને સ્વચછતાને લગતા વિવિધ સુત્રો લખેલી કાગળની કાપલી આપી ભાવાત્મક સહયોગની અપેક્ષા કરેલી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના અન્ય શિક્ષકો અને નગરપાલીકાનો પણ યોગ્ય સહયોગ મળ્યો હતો.

પાંચડા ગામે શિવમંદિરનો જિર્ણોદ્ધાર

પ્રતિનિધિ પાંચડા

પાંચડા ગામના ઉત્સાહી ટ્રસ્ટી માંમજીભાઈ ચેલાભાઈ અને કાર્યકરો દ્વારા વર્ષો જુના નાનકડા શિવ મંદિરનો જિર્ણોદ્ધાર કરવા માટે આજુબાજુના ભાગોમાં પણ દર્શનીય સ્થાન બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. શિવમંદિરની ચોતરફ વનરાજી અને ફુલછોડ તેની પ્રાકૃતિક સુંદરતામાં વધારો કરે છે. મહાદેવ મંદિર બેઠક માટેનું મકાન છે જયારે જયારે સભાઓ ભરાય કે દરરોજ આવતા ગામ આગેવાનો પણ ૧૨ વાગ્યા સુધી ઉપસ્થિત રહી સત્સંગ કરે છે તે ગામનું ગૌરવ છે.

બેસતા વર્ષના દિવસે...

ઢીમા નગરે કાળિયા ઠાકરને ૫૬ ભોગનો અન્નકુટ ધરાવાશે

તાલુકા પ્રતિનિધિ વાવ

દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૦/૧૦/૧૭ ના રોજ બેસતા વર્ષના શુભ દિવસે સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા નગરે કાળિયા ઠાકરના મંદિરે ભગવાન ઠાકરને ૩૨ ભોજન અને ૩૩ શાકના ૫૬ ભોગનો અન્નકુટનો મહાપ્રસાદ ધરાશે. જે બાબતે ટ્રસ્ટના પુજારી દિનેશભાઈ બી. સેવકે મીડીયા સમક્ષ જણાવ્યું હતુ કે ઠાકરના અન્નકુટની તૈયારની એક સપ્તાહથી શરૂ કરી દેવાઈ છે. બેસતા વર્ષના શુભ દિવસે ઠાકરને અન્નકુટનો મહાપ્રસાદ ધરાવી ભક્તોને વિતરણ કરાશે. જે શુભ પ્રસંગે દાદાના દર્શનાર્થે છેક રાજસ્થાન, મહારાષ્ટ્ર, કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી દાદાના ભક્તોનું ઘોડાપુર ઉમટી પડશે. અન્નકુટનો મહાપ્રસાદ લેવો એક સદ્ભાગ્યની વાત છે. હાલમાં અન્નકુટની મહાપ્રસાદની તૈયારીમાં ધરણીધર ટ્રસ્ટના ભક્તો કામગીરીમાં જોતરાઈ ગયા છે અને મંદિરને રોશનીના ઝળહળાટી સજાવી દેવાયું છે.

રાજ્યભરમાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કિશોરી જાગૃતિ અભિયાનરૂપી ઝુંબેશ

૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને સાંકળી લેવાઈ

પાલનપુર

રાજયમાં કિશોરીઓના આરોગ્ય અને પોષણ સ્તર સુધારવા માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં સબળા અને કિશોરી શક્તિ યોજના કાર્યરત છે. કિશોરીઓને પોષણ, આરોગ્ય અને જીવન કૌશલ્ય શિક્ષણના વિષયો ઉપર માહિતી આપવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગે વર્ષ ૨૦૧૭-૧૮ માં કિશોરી જાગૃત અભિયાનની શરૂઆત ઝુંબેશ રૂપે કરી છે. આ અભિયાન ઓગસ્ટ-૨૦૧૭ થી ડિસેમ્બર-૨૦૧૭ દરમિયાન આંગણવાડી કક્ષાએ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત પાંચ તબક્કામાં જુદી જુદી થીમ પર પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં કિશોરી દિવસ, પોષણ શિક્ષણ, આરોગ્ય શિક્ષણ- સુકન્યા એવોર્ડ, જીવન કૌશલ્યનું શિક્ષણ જેવી પ્રવૃત્તિ કરી અને કિશોરીઓમાં આરોગ્ય પોષણની જાગૃતતા લાવવા તેમજ પોષણ સ્તરમાં સુધારો કરવાના આશયથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

જેમાં હાલમાં પ્રથમ તબક્કાની કામગીરી રાજયની ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાં કરવામાં આવી રહી છે. ઉપરાંત પ્રથમ તબક્કામાં રાજયની ૬,૫૯,૯૧૨ કિશોરીઓના લોહીની તપાસ અને ૭,૦૮,૬૧૪ કિશોરીઓના બોડી માસ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત રાજ્યની ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને આંગણવાડી કેન્દ્રોમાં લાભ લેવા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

દિયોદર તાલુકાના ફાફરાળી ગામે નવા પંચાયત ઘરનું ખાતમુહુર્ત

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના ફાફરાળી ગામે રાજય કક્ષાના મંત્રી અને ધારાસભ્ય કેશાજી ચૌહાણના હાથે નવિન પંચાયત ઘરનું ગતરોજ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેશાજી ચૌહાણે જણાવ્યું હતું કે આ ગામે સ્વતંત્ર પંચાયત છે અને આ પંચાયતમાં બધી કામગીરી અહી બેસીને થઈ શકે તેના માટે ૧૪ લાખના ખર્ચે અહીં પંચાયતનું મકાન બનાવવામાં આવશે. આ પ્રસંગે દિયોદર પ્રમુખ રાઈબેન ઠાકોર, નાગજીજી ઠાકોર, સરપંચ મધાજી ઠાકોર, ડેપ્યુટી સરપંચ વિષ્ણુજી ઠાકોર, આશારામજી ઠાકોર તલાટી કમમંત્રી નીતાબેન ઠાકોર વગેરે હાજર રહ્યા હતા.

સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસા
મજૂરી કામના ભાવનું ટેન્ડર
જાહેર નિવિદા નં - ૦૧ ૨૦૧૭-૧૮

આથી જાહેર બાંધકામ કરતા ઠેકેદારો પાસેથી આ સંસ્થાના નીચે દર્શાવેલ કામ માટે મજૂરી કામના ભાવો મંગાવવામાં આવે છે.

અ.નં.	કામનું નામ	અંદાજીત મજૂરી કામની રકમ
૧	ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા ખાતે આર.સી.સી. રોડ અને રેઈન વોટર હારવેસ્ટીંગ પાઈપ લાઈન	રૂા. ૬,૦૦,૦૦૦/-
૨	સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા માટે આર.સી.સી. ડોમ / એન્ટરન્સ	રૂા. ૮,૬૫,૦૦૦/-

ટેન્ડરના કામ અંગેની વધુ વિગતો તથા કોરા ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય સવારના ૧૦:૦૦ થી ૧:૦૦ સુધીમાં સરદાર પટેલ એજયુકેશન ફાઉન્ડેશન ડીસા, રૂમ નં-૨૬ સરદાર પટેલ હાઈસ્કૂલ ડીસા ખાતેથી રૂા. ૨૦૦/- ટેન્ડર ફી આપીને માગણી પત્ર આપીને મેળવી લેવાના રહેશે. ટેન્ડરો આપવાની તારીખ ૧૬/૧૦/૨૦૧૭ અને સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦/૧૦/૨૦૧૭ છે. ભરેલા ટેન્ડરો સિલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે. જે અરજદારનું ટેન્ડર મંજૂર કરવામાં આવશે તેમણે રૂા. ૧૦,૦૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. કોઈપણ ટેન્ડર સ્વિકારવા કે રદ કરવાની સત્તા મેનેજીંગ ટ્રસ્ટીશ્રીની રહેશે.

ટી.જે.પટેલ

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસા

તંત્રી સ્થાનેથી ...

ઈશ્વર એક મહાન ગણતરી છે.

ગુજરાતની ચૂંટણીની તારીખ જાહેર ન થતાં વિપક્ષે કરેલો વિરોધ

હિમાચલ પ્રદેશની ચુંટણીની સાથે ગુજરાતની ચુંટણી જાહેર ન કરવાના મુદ્દે વિપક્ષ કોંગ્રેસે આક્રમકભાષામાં વિરોધ દર્શાવ્યો છે. અને વડાપ્રધાન મોદીના ઈશારે ચુંટણી પંચે ગુજરાતની ચુંટણીની જાહેર નહિં કર્યાનો આક્ષેપ કર્યો હતો. ત્યારે હવે વડાપ્રધાન ૧૬ ઓક્ટોબરે ગુજરાતની સત્તાવાર મુલાકાતે આવવાના છે. ત્યારે તેઓ કેટલીક ચુંટણીલક્ષી જાહેરાતો કરે તેવી સંભાવના જણાય છે. રાજકીય નિષ્ણાંતોનું માનવું છે કે ચુંટણીપંચે હિમાચલ પ્રદેશની ચૂંટણી જાહેર કરી તેની સાથે ગુજરાતની ચુંટણીની તારીખો શા માટે જાહેર ન કરી? આ મુદ્દો રાજકીય સ્તરે ચર્ચાસ્પદ બન્યો છે. મોદી સરકાર ચુંટણીપંચ પર દબાણ કરીને ગુજરાતમાં ચુંટણી મુલત્વી રાખવા માગે છે. પરંતુ રાજ્યની જનતાનો ઝુકાવ કોની તરફ ઝુકશે તે નક્કી નથી. જીએસટીના પરિણામે હાલમાં વેપારીઓની સ્થિતિ ગંભીર બની છે. આ પ્રશ્ને જે રીતનું સંશોધન થવું જોઈએ તે રીતનું થયું નથી. વળી ગુજરાતમાં ભાજપને પડકારવાની વિપક્ષ દ્વારા વ્યુહરચના ઘડાઈ રહી હોવાનું પણ બહાર આવેલ છે.

દેશના મુખ્ય ચુંટણી કમિશ્નર જોતીએ રાજધાનીમાં કહ્યું હતું કે ૧૬ મીની ગુજરાત મુલાકાત અને ચુંટણીની તારીખો જાહેર નહિં કરવાના મુદ્દાને કશું જ લાગતું વળગતું નથી. વર્તમાન સમયમાં ચુંટણી પંચને શું કરવું કે ન કરવું તે બાબત ચુંટણી પંચને વિચારવાની છે. જેથી વિપક્ષોએ આ બાબતે અને ખાસ કરીને ગુજરાતની ચુંટણીની ભાંજગડમાં પડવાની જરૂર જણાતી નથી.

દરમ્યાન બીજી બાબત એ છે કે કોર્ટે કોઈ એક રાજ્યમાં લાંબા સમય સુધી આચારસંહિતા ચાલુ ન રાખવાનો આદેશ આપ્યો છે. આથી ચુંટણીપંચે તારીખોની મોડી જાહેરાત કરવાનું નક્કી કર્યું છે.

ગુજરાત સરકારના મુખ્ય સચિવે પંચને પત્ર લખીને રાજ્યના પૂર પીડિતોને સહાય અને રાહતનું કાર્ય ચાલુ હોવાથી ચુંટણીપંચ પાસે ચુંટણી યોજવા માટે વધુ સમય માગ્યો હોવાનું પણ બહાર આવ્યું છે. જો કે ભાજપના પ્રવક્તા સૈયદ ઝફર ઈસ્લામે પંચના નિર્ણયનો બચાવ કર્યો હતો અને જણાવેલ કે હિમાચલમાં વિધાનસભાનું સત્ર ૭ જાન્યુઆરીએ પૂર્ણ થાય છે. જ્યારે ગુજરાતમાં ૨૧ જાન્યુઆરીએ તેથી બંનેની તારીખો સાથે જાહેર કરાઈ નથી. મોદી સરકારે ચુંટણી બાબતે પંચ પર કોઈપણ જાતનું દબાણ કર્યું નથી. તે વાત પણ ચોક્કસ છે.

ત્યારે હાલના સંજોગોમાં હિમાચલ પ્રદેશ વિધાન સભાની ચૂંટણી છેલ્લે , નવેમ્બર ૨૦૧૨ માં યોજાઈ હતી. અને ૨૦ ડિસેમ્બરે પરિણામ આવ્યા હતા. હિમાચલ પ્રદેશમાં કુલ ૩૮ વિધાનસભાની બેઠકો છે. અહીં છેલ્લે કોંગ્રેસે ૩૬ બેઠકો પર વિજય મેળવ્યો હતો. જ્યારે ભાજપને માત્ર ૨૬ બેઠકો પ્રાપ્ત થઈ હતી. ભાજપ પ્રેમકુમાર ધૂપલની નેતાગીરીમાં ચુંટણી લડ્યો હતો.

હાલની સ્થિતિ તરફ નજર માંડીએ તો હિમાચલ પ્રદેશમાં કુલ ૬૮ બેઠકો છે. અને બહુમતી માટે ૩૫ બેઠકો પર વિજય મેળવવો જરૂરી છે. વર્તમાન સંજોગોમાં કોંગ્રેસના વીરભદ્રસિંહ મુખ્યમંત્રી તરીકે હોદ્દો ધરાવે છે. આશ્ચર્યની વાત એ છે કે વિરભદ્રસિંહ હિમાચલમાં છઠ્ઠી વખત મુખ્યમંત્રી પદે બિરાજેલા છે.

લિવિંગ ફૂડ્સનો નવો શો સર્વશ્રેષ્ઠ પ્રાદેશિક વ્યંજનોને એક જ થાળીમાં પરોસશે

તહેવારોનો ઉત્સાહ વધારવા માટે તૈયાર થઇ જાઓકેમકે આ મહીને શેફ કુણાલ કપૂર લિવિંગ ફૂડ્ઝ પર લઈને આવી રહ્યું છે નવો શો 'ઉત્સવ : થાલીઝ ઓફ ઈન્ડિયા'. આ શો માં અમે મનાવીશુંભારતીય ભોજન, આનો ઈતિહાસ, સંસ્કૃતિ અને વિભિન્ન રીતેસ્વાદોનો ઉત્સવ. આ શો દર્શકોને દેશના ૧૮ શહેરોની એકઅદ્દભુત યાત્રા પર લઈ જશે અને તેમને ભારતીય વ્યંજનોની સમૃદ્ધવિરાસતથી રૂબરૂ કરાવશે. ઉત્સવ – થાલીઝ ઓફ ઈન્ડિયામાં શેફ કુણાલ દેશના દરેક ક્ષેત્રમાં જશે અને ત્યાંના લોકોથી જોડાયેલા રસપ્રદ કિસ્સા, ત્યાંના સ્વાદિષ્ટવ્યંજન, સ્થાનિક સામગ્રીઓ, ખાવાનું બનાવવું અનેપરોસવાની ઝીણવટતાઓને તમારા સુધી પહોંચાડશે. તે સ્થાનિકલોકોના ઘર મંદિરો અને બજારોમાં ફરતા ત્યાંની આકર્ષક સંસ્કૃતિઅને દરેક શહેરની થાળીઓની ખાસિયત વિશે બતાવશે.આ શો નો હેતુ આ દેખાડવાનો છે કે કેવી રીતે એક થાળી, એકક્ષેત્રના લોકો, ત્યાંની પરંપરાઓ, સંસ્કૃતિ અને અલગ-અલગસ્વાદોનો સુંદર સંગમ હોય છે. આની સાથે જ આ થાળી આપણાદેશની વિવિધતાનું સુંદર ઉદાહરણ પણ રજૂ કરે છે. ખરેખર, ભોજનસાથે જોડાયેલી આપણી જૂની યાદોમાં પણ એક સ્વાદિષ્ટ થાળીનોઉલ્લેખ જરૂર થશે, જેની સાથે પૂરો પરિવાર એકબીજાની નજીકઆવતો હતો. આ એક આલીશાન દાવત જેવો અનુભવ છે, જેમાં કોઈનેપણ એક રાજાની જેમ ભોજન કરવાનો અહેસાસ હોય છે. શેફ કુણાલનુંમાનવું છે કે દરેક થાળીની પાછળ એક કહાણી છૂપાયેલી છે અને આ જ કહાણીઓને શો માં દેખાડવામાં આવશે.

દિવાળીના પાવન પર્વ પર ક્વિક હીલે ડિજીટલજિંદગીને સુરક્ષિત રાખવા માટે ખુશીઓની સિક્યોરિટી લૉન્ચ કરી

ડિજીટલ ઈન્ડિયાને સુરક્ષિત રાખવાના પોતાના વિઝન સાથે અગ્રણી સાઈબર સિક્યોરિટી સૉલ્યૂશન બ્રાન્ડ, ક્વિક હીલે ગ્રાહકોનેપોતાના પ્રિયજનોની ડિજીટલ યાત્રાની સુરક્ષા સુનિશ્ચિત કરવા હેતુ તેમને ઉપહાર સ્વરૂપે એક સિક્યોરિટી સોફ્ટવેર આપવા માટે પ્રોત્સાહિક કરવાના હેતુથી 'ખુશીઓની સિક્યોરિટી' અભિયાનની શરૂઆત કરી છે. ક્વિક હીલ સિક્યોરિટી લેબ દ્વારા આપવામાં આવેલી ક્વાર્ટર્લી થ્રેટ રિપોર્ટ અનુસાર ક્યુ ૨૦૧૭માં વિન્ડોઝ પર ૨.૩ મિલિયનથી વધુ રેન્સમવેર ઈન્ફેક્શનનો હમલો થયો. એક એવા પરિદ્દશ્યમાં જ્યાં ડિજીટલ ખતરા વધતા જઈ રહ્યા છે, એક મજબતૂ સુરક્ષા સમાધાન સ્વીકારવું મહત્વપૂર્ણ છે, જેથી તમારા ઉપકરણ સુરક્ષિત રહી શકે. આ વાતને ધ્યાનમાં રાખતા ક્વિક હીલે ખુશીઓની સિક્યોરિટીની શરૂઆત કરી છે, જેમાં એક તરફ જ્યાં ડિજીટલ સુરક્ષા પ્રતિ જાગૃતતા ફેલાવવામાં મદદ મળશે, ત્યાં જ બીજી તરફ ગ્રાહકોને ઉપહાર આપવાનો એક અનોખો વિકલ્પ મળશે. ક્વિક હીલ ટેકનોલોજીઝમાં અમે ગ્રાહકોને સર્વોત્તમઅનુભવ આપવામાં વિશ્વાસ કરીએ છીએ. જે રીતે ઈન્ટરનેટ અમારા દૈનિકજીવનનું અંગ બનતું જઈ રહ્યું છે, તે જ રીતે અમે ડિજીટલ સિક્યોરિટીના મહત્વ પર લોકોને જાગૃત બનાવવાની દિશામાં કંઈક કરવાની જરૂરિયાત મહેસૂસ કરી રહ્યા છીએ.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

શેરબજારમાં ઉછાળે નફારૂપી વેચવાલી ની શક્યતા ...!!!

ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય :૧૬.૧૦.૨૦૧૭ થી ૨૦.૧૦.૨૦૧૭

રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ગત સપ્તાહે ભારતીય શેરબજારમાં પ્રત્યાઘાતી ઘટાડા બાદ મજબૂતીથી આગળ વધી રહ્યું હતું. રીઝર્વ બેંક ઓફઈન્ડિયાએ ધારણા મુજબ વ્યાજદરમાં કોઈ જ ફેરફાર નથી કર્યો પણ એસએલઆરમાં અડધા ટકાનો ઘટાડો કર્યો છે,જેનાથી બેંકોમાં લીકવીડીટી વધશે અને પીએસયુ બેંક શેરોમાં સાપ્તાહિક નવી લેવાલીથી તેજી આવી હતી તેમજગ્લોબલ માર્કેટના પોઝિટિવ અહેવાલો પાછળ બ્લુચિપ શેરોમાં પણ નવી લેવાલીનો ટેકો હતો પરિણામેશેરબજારમાં મજબૂતીથી નિફ્ટી ફ્યુચર મહત્વના લેવલ ૯૯૬૦ પોઈન્ટ થી વધુ આગળ વધી હતી. વૈશ્વિકબજારોમાં જાપાનના ટોક્યો શેર બજાર સાથે એશીયાના અન્ય બજારો તેમ જ યુરોપ, અમેરિકાના બજારોમાં તેજીસાથે કોર્પોરેટ ઈન્ડિયાના પરિણામોની સપ્ટેમ્બર ૨૦૧૭ના અંતના બીજા ત્રિમાસિકની સીઝન આઈટી જાયન્ટટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ(ટીસીએસ)થી શરૃ થતાં પૂર્વે શેર બજારોમાં આઈટી, ઓઈલ-ગેસ શેરોમાં તેજી સામે અન્ય સંખ્યાબંધ શેરોમાં દિવાળી સેલ શરૃ થઈ ગયું હતું. શેરોમાં લોકલ ફંડોની અવિરત વ્યાપક તેજી બાદ આજેસ્મોલ, મિડ કેપ શેરોમાં જ વ્યાપક પ્રોફિટ બુકિંગ થતું જોવાયું હતું. ગુડઝ એન્ડ સર્વિસિઝ ટેક્ષ (જીએસટી)ના અમલ બાદ વિવિધ વેપાર-ઉદ્યોગોના બિઝનેસને ટૂંકાગાળા માટે મોટો ફટકો પડતાં ત્રિમાસિક પરિણામોની સીઝન પણ આ વખતે નબળી રહેવાના અંદાજો અને શેરોમાં લાંબા સમયથી ચાલી રહેલી તેજીમાં ફંડો, મહારથીઓ, ઓપરેટરોએ પ્રોફિટ બુકિંગ કરવાનો મોકો ઝડપીને વ્યાપક વેચવાલી કરી હતી. સેન્સેક્સ-નિફ્ટી બેઝડ પણ ફંડોએ આજે ઉછાળેહળવા થવાનું પસંદ કર્યું હતું. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ સાઉદી અરેબિયા દ્વારા નિકાસ પર અંકુશના પરિણામે ઝડપી વધી આવી ૫૬ ડોલરની સપાટી કુદાવી જઈ ૫૬.૮૧ ડોલરની ઊંચાઈ પહોંચી જતાં અને રૂપિયા સામે અમેરિકી ડોલર ૧૪ પૈસા નબળો પડીને રૂ.૬૫.૧૪ રહ્યા હતા. ઓઈલ-ગેસ શેરોમાં તેજીસામે ઓટો, બેંકિંગ,મેટલ શેરોમાં ફંડોની વેચવાલીના દબાણે સેન્સેક્સનો આરંભિક સુધારો ધોવાઈ અંતે ૯૦.૪૨ પોઈન્ટ ઘટીને ૩૧૮૩૩.૯૯ અને નિફ્ટી સ્પોટ ૩૨.૧૫ પોઈન્ટ ઘટીને ૯૯૮૪.૮૦ બંધ રહ્યા હતા. તેમજ વિદેશી રોકાણકારોફરી સ્થાનિક સિક્યોરિટીઝમાં નાણાં ઠાલવી રહ્યા છે, પણ આ વખતે તેમણે શેર્સ નહીં, કોર્પોરેટ બોન્ડ્સનો વિકલ્પ પસંદ કર્યો છે. પાંચ ટ્રેડિંગ સત્રમાં ક્રેડિટ સુઈસ, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક, DBS બેન્કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, HDFC,NHAI સહિત ભારતીય કંપનીઓની ટોચનું રેટિંગ ધરાવતી સિક્યોરિટીઝમાં કુલ ?૯,૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે.

વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોમાં ભારતની લોકપ્રિયતા ઘટી રહી છે. ઈર્મજિંગ માર્કેટ ફંડની ભારત માટેનીઓવરવેઈટ પોઝિશન ૨૦૧૫ પછી એક તૃતીયાંશ જેટલી ઘટી છે. વધારે પડતાં મોંઘાં વેલ્યુએશન અને અર્નિંગ રિકવરીની ચિંતાના કારણે રોકાણકારોના ભરોસાને અસર થઈ છે. આ મની મેનેજર્સ માટે હાલનું ઓવરવેઈટMSCI ઈર્મજિંગ માર્કેટ ઈન્ડેક્સ વેઈટ કરતાં ૧.૪૫% વધુ છે. જાન્યુઆરી ૨૦૧૫માં ઓવરવેઈટ ૪.૪% હતું જેસૌથી ઊંચો સ્તર હતો. કોઈ ફંડ જ્યારે ચોક્કસ દેશ, સ્ટોક અથવા સેક્ટરમાં તેના બેન્ચમાર્ક કરતાં વધુ રોકાણ કરે ત્યારે તેને ઓવરવેઈટ કહેવામાં આવે છે. ભારતમાં મોટા ભાગની ઊંચી પોઝિશન મોદી વડાપ્રધાન તરીકે ચૂંટાયા ત્યારે હતી. રોકાણકારોને આશા હતી કે તેઓ ભારતની પ્રચંડ ક્ષમતા બહાર લાવશે. આવું ખરેખર થયું છે કે નહીં તે વિશે મને શંકા છે તેથી ઊભરતા બજારના રોકાણકારોના કોન્ફિડન્સને ભારે અસર થઈ છે. ભારત માટે ઓવરવેઈટ હોય તેવા ફંડની ટકાવારી હાલમાં ૬૧.૯% છે જ્યારે ડિસેમ્બર ૨૦૧૪માં આ પ્રમાણ ૮૩% હતું તેમ ડેટા દર્શાવે છે. વિદેશી ફંડની ઓવરવેઈટ પોઝિશનમાં મોટા ભાગનો ઘટાડો છેલ્લા કેટલાક મહિનામાં થયો હોવાનું માનવામાં આવે છે. વર્ષ ૨૦૦૧ થી વિદેશી રોકાણકારોએ ભારતીય સ્ટોક્સમાંથી રૂ. ૨૬,૪૫૦ કરોડ ખેંચી લીધા છે. છતાં આ રોકાણકારો ભારતમાં રૂ.૩૨,૦૦૦ કરોડના ચોખ્ખા ખરીદદાર રહ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારત આ ફંડ્સ માટે ટોચના સ્થાને છે પરંતુ અપેક્ષિત વૃદ્ધિ અને વાસ્તવિક નફાવૃદ્ધિ વચ્ચેનો ગેપ વધતો જાય છે. ચાલુ વર્ષમાં અર્નિંગ ડાઉનગ્રેડ ચાલુ રહ્યા છે અને હાલના વર્ષ માટે નિફ્ટી અર્નિંગ પ્રતિ શેર ઘટીને રૂ.૫૦૩ થયો છે જે એપ્રિલમાં રૂ.૫૪૦ હતો તેમ બ્લૂમબર્ગનો ડેટા દર્શાવે છે. તેમજ બે વર્ષ અગાઉ ભારત આકર્ષક હતું કારણ કે કોમોડિટીના ભાવ ઘટતા હતા, ત્યાર બાદ કોમોડિટી મોંઘી થવા લાગતાં રોકાણકારો કોમોડિટીની આયાત કરતાભારત જેવા દેશમાં વેઈટેજ ઘટાડવા લાગ્યા અને નાણાં રશિયા, બ્રાઝિલ અને કોરિયા જેવાં બજારોમાં ઠાલવ્યાં.ઈર્મજિંગ માર્કેટ ઈક્વિટી ફંડ્સ માટે રશિયા અત્યારે સૌથી મોટું ઓવરવેઈટ છે જ્યારે ભારત બીજા ક્રમે છે. ઘણી ક્વોલિટી રશિયન કંપનીઓ સારું મૂલ્ય દર્શાવે છે અને ઘણી ભારતીય કંપનીઓના શેરના મૂલ્ય ઊંચા છે. ભારતઊભરતાં બજારોમાં સૌથી વધુ ઓવરવેઈટ તરીકેનું સ્થાન ફરીથી મેળવશે કે નહીં તે વિશે પણ મતમતાંતર છે. તેમજમિત્રો રિઝર્વ બેન્કે નાણાનીતિની સમીક્ષામાં વ્યાજદરને સ્થિર રાખ્યા હતા, પરંતુ જીન્ઈને ૫૦ બેસિસ પોઈન્ટ્સ ઘટાડીને ૧૯.૫% કર્યો હતો.અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસિસ ક્ષેત્ર તથા ઓટો ક્ષેત્રમાં ધારણા કરતાં વધુસારા ડેટાને પગલે બજારમાં વધારો થયો હતો. યુરોપનાં બજારો પણ હકારાત્મક રહ્યાં હતાં. વૈશ્વિક આર્થિકપ્રવૃત્તિમાં વધારો થયો છે. વિકસિત અર્થતંત્રોમાં અમેરિકામાં વૃદ્ધિ ચાલુ રહી છે, જ્યારે યુરો એરિયામાં આર્થિકરિકવરીને વધુ વેગ મળ્યો છે. જાપાનના અર્થતંત્રમાં પણ સારી વૃદ્ધિ થઈ છે. ઊભરતાં બજારોનાં અર્થતંત્રો પણસારો દેખાવ કરી રહ્યાં છે. ડબલ્યુટીઓએ ૨૦૧૭માં વૈશ્વિક વેપારમાં નોંધપાત્ર સુધારો થવાનો સંકેત આપે છે. વૈશ્વિક બજારના હકારાત્મક ટ્રેન્ડને પગલે નિફ્ટી અને સેન્સેક્સમાં અનુક્રમે અંદાજીત ૨ % અને ૧.૭% નો વધારો થયો હતો. લગભગ તમામ ક્ષેત્રોએ સારો દેખાવ કર્યો હતો.

મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ૧૧ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૧૦૯.૯૫ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીતરૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૧૧ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૮૭.૯૩ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

બજારની ભાવિ દિશા.....

મિત્રો, ચાલુ નાણાકીય વર્ષનું બીજું ક્વાર્ટર પ્રથમ કરતાં વધુ સારું રહેવાની ધારણા છે. પ્રથમ ક્વાર્ટરથી હકારાત્મકટ્રેન્ડ તૂટ્યો હતો, પરંતુ વૃદ્ધિમાં ઘટાડાનું મુખ્ય કારણ આર્થિક સુધારા હતા અને કોર્પોરેટ કામગીરી રાબેતા મુજબથયા બાદ અર્નિંગમાં રિકવરી આવશે. પ્રથમ ક્વાર્ટરમાં સેન્સેક્સ અને નિફ્ટી કંપનીઓનો ટેક્સ પછીના ™Vk (P©) ગ્રોથ માઈનસ ૬.૫% અને માઈનસ ૯% હતો. આની સામે અનુક્રમે માઈનસ ૧% અને માઈનસ૫.૫% ની ધારણા હતી.તીવ્ર લો બેઝ ઈફેક્ટને કારણે બીજું ક્વાર્ટર પ્રથમ ક્વાર્ટર કરતાં વધુ સારું રહેવાની ધારણાછે. જીએસટીની કાર્યપદ્ધતિના અમલ બાદ ડિ-સ્ટોકિંગની કામગીરી લગભગ પૂરી થઈ ગઈ છે અને આર્થિક પ્રવૃત્તિમાં ફરી વધારો ચાલુ થયો છે. તેથી ત્રિમાસિક ધારણે આપણે મુખ્ય સૂચકાંકોની કંપનીઓ માટે આવક અને PATમાં વૃદ્ધિની ધારણા રાખી શકીએ છીએ.આર્થિક મોરચે ડબલ્યુપીઆઈ ફુગાવો, પીએમઆઈ અને આઈઆઈપી જેવા ડેટામાં તાજેતરના નીચા સ્તરથી વધારો થયો છે. તેથી ઓર્ગેનાઈઝ્ડ ક્ષેત્રો વધુ સારો દેખાવ કરી શકે છે, પરંતુ અર્થતંત્ર હજુ પણ નિકાસ અને અનઓર્ગેનાઈઝ્ડ ક્ષેત્રોની નરમાઈના દબાણ હેઠળ છે.તેનાથી આગામી એકથી બે ક્વાર્ટર્સ માટે અર્થતંત્રની વૃદ્ધિને અસર ચાલુ રહેશે. વાર્ષિક ધોરણે અર્નિંગ ગ્રોથ નરમ રહેશે અને અર્નિંગમાં વધુ ડાઉનગ્રેડનું જોખમ હજુ ઊભું છે. આર્થિક નરમાઈ હોવા છતાં બજારમાં ધારણા છે કે સેન્સેક્સ અને નિફ્ટીની કંપનીઓમાં પીએટીમાં વાર્ષિક ધોરણે અનુક્રમે ૬% અને ૧૪% વૃદ્ધિની શક્યતા છે. સેન્સેક્સ કંપનીઓમાં વાર્ષિક ૨૦% અર્નિંગ ગ્રોથની ધારણા સાથે ચાલુ વર્ષનો પ્રારંભ થયો હતો. પ્રથમ ક્વાર્ટરનાં રિઝલ્ટ બાદ તે તીવ્ર ઘટીને ૧૦% થયો હતો. બજારમાં નજીકના ગાળાના અંદાજ અંગે દ્વિધા છે, તેથી અંદાજ અને વાસ્તવિકતા વચ્ચે તફાવત છે. પ્રથમ ક્વાર્ટરમાં માઈનસ ૧% ની ધારણા હતી, પરંતુ વાસ્તવિક ગ્રોથ માઈનસ ૬.૫% રહ્યો હતો. હવે આપણે વાર્ષિક ધોરણે ૬% જેટલી ઊંચી વૃદ્ધિ સાથે બીજા ક્વાર્ટરનો પ્રારંભ કરી રહ્યા છીએ. જોકે ભૂતકાળના અનુભવને આધારે બીજા ક્વાર્ટરમાં અંદાજ કરતાં ૩% સુધીનો તફાવત રહી શકે છે. તેથી ચાલુ નાણાકીય વર્ષના બીજા છ મહિના માટે અર્નિંગ ગ્રોથ માઈનસ ૧%થી માઈનસ ૩% રહી શકે છે, તેથી અર્નિંગમાં વધુ કાપનો હજુ પણ અવકાશ રહે છે. બજારમાં હજુ પણ આશા છે કે મોટા ભાગના નુકસાનકર્તા ઘરેલુ પરિબળો ડિસ્કાઉન્ટ થઈ ગયાં છે અને કોર્પોરેટ અર્નિંગમાં ટૂંક સમયમાં રિકવરી આવશે. કોર ઈન્ડસ્ટ્રીઝ સિવાય બજારને સપોર્ટ કરતાં બીજાં ક્ષેત્રોમાં ફાઈનાન્સ, મેટલ, માઈનિંગ, ઈન્ફ્રા, ડિફેન્સ અને કેમિકલ્સનો સમાવેશ થાય છે. એનપીએની સમસ્યાના પુનર્ગઠન, વ્યાજખર્ચમાં ઘટાડો અને કન્ઝ્યુમર ફાઈનાન્સમાં સુધારાને કારણે બજારને બેન્કોના નાણાકીય દેખાવમાં સુધારાની ધારણા છે. આની સાથે સાથે સરકારના ખર્ચ અને નીતિવિષયક ફેરફારને કારણે ઈન્ફ્રા અને ડિફેન્સ ક્ષેત્રને લાભ થઈ રહ્યો છે. અમેરિકા, યુરોપ અને ચીન સહિતના વૈશ્વિક અર્થતંત્રમાં સુધારાથી મેટલ એન્ડ માઈનિંગ અને કેમિકલ્સ જેવાં ક્ષેત્રો સારો દેખાવ કરી રહ્યા છે. કોમોડિટીના ભાવમાં વધારો તથા ભારત અને વિશ્વમાં કોમોડિટીની ઊંચી પ્રાપ્તિને કારણે આ ક્ષેત્રોને પોઝિટિવ અસર થઈ છે. બીજા ક્વાર્ટર માટે વાર્ષિક ધોરણે સૌથી ખરાબ દેખાવ કરતાં ક્ષેત્રોમાં હેલ્થકેર, ટેલિકોમ, રિયલ એસ્ટેટ, સિમેન્ટ અને આઈટીનો સમાવેશ થશે.આઈટી ક્ષેત્ર સાથે રિઝલ્ટ સીઝનનો પ્રારંભ થશે. બિઝનેસ મોડલમાં નરમાઈની આગેવાની હેઠળ ગાઈડન્સમાં ઘટાડાને કારણે સંખ્યાબંધ ડાઉનગ્રેડ થયા બાદ આ ક્ષેત્રમાં હાલના રિવ્યૂ ઘણા સારા લાગે છે. ચાલુ નાણાકીય વર્ષમાં આ ક્ષેત્રમાં નરમાઈની ધારણા છે, પરંતુ આગામી નાણાકીય વર્ષમાં અર્નિંગમાં વાર્ષિક ધોરણે ૧૧% વૃદ્ધિની ધારણા છે.નાસકોમ હકારાત્મક આઉટલૂક આપ્યું છે. ડોલરમાં મજબૂતાઈ તથા અમેરિકા અને યુરોના હકારાત્મક આર્થિક ઈન્ડિકેટર્સથી BFSI ક્ષેત્રમાં મુનસફીના ખર્ચમાં વધારો થવાની ધારણા છે. આ ક્ષેત્રના વેલ્યુએશન ઐતિહાસિક ધોરણે સસ્તા છે અને રોકાણકારો લાંબા ગાળા માટે વિચારણા કરી શકે છે.

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!





નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત નિફ્ટી ફ્યુચર તા. ૦૬/૧૦/૨૦૧૭ ના રોજ ૯૯૯૧ પોઈન્ટ ખુલીને ૯૯૬૯ પોઈન્ટના નીચા મથાળેથી ૧૦૨૧૯ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૫૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૯૦ પોઈન્ટના ઉછાળે ૧૦૧૯૪ પોઈન્ટ બંધ થયેલ...!!!

બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૦૬/૧૦/૨૦૧૭ ના રોજ ૨૪૧૭૬ પોઈન્ટ ખુલીને ૨૪૦૦૫ પોઈન્ટના નીચા મથાળેથી૨૪૭૯૮ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૭૯૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૫૦૯પોઈન્ટના ઉછાળે ૨૪૭૩૭ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૧૯૪)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૩૩ પોઈન્ટના પ્રથમ અને૧૦૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૦૩૩ પોઈન્ટથી ૯૯૯૦ પોઈન્ટ, ૯૯૬૬પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૪૭૩૭)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૨૪૩૦૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૪૮૮૦ પોઈન્ટથી ૨૫૦૦૯ પોઈન્ટ,૨૫૧૨૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૧૨૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

ફ્યુચર રોકાણ સંદર્ભે સ્ક્રીપો ધ્યાને લઈએ તા

૧) HDFC લિમિટેડ (૧૭૭૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૪૪ ના પ્રથમ સપોર્ટથી ખરીદવા લાયક રૂ. ૧૭૯૩ થી રૂ.૧૮૦૩નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૨૯૪) :- આ સ્ટોક રૂ.૧૨૭૭ નો પ્રથમ તેમજ રૂ.૧૨૬૦ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ. ૧૩૧૩ થી રૂ.૧૩૨૦ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) એશિયન પેઈન્ટ (૧૧૮૦) :- ૬૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૧૬૩ નો પ્રથમ તેમજ રૂ.૧૨૪૭ ના સ્ટ્રોંગ સપોટ-થી ખરીદવાલાયક પેઈન્ટ સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૦૩ થી રૂ.૧૨૧૨ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- 4) HDFC બેન્ક (૧૮૪૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૭૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૮૮૦ ના સ્ટ્રોંગ સપોટ-થી રૂ.૧૮૨૩ થી રૂ.૧૮૦૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૮૯૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) લાર્સેન લિમિટેડ (૧૧૪૨) :- રૂ.૧૧૭૨ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!!

ટૂંકાગાળે રૂ.૧૧૨૬ થી રૂ.૧૧૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૮૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!

હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક ૧૬.૧૦.૨૦૧૭ થી ૨૦.૧૦.૨૦૧૭ સુધી રોકાણ અર્થે સ્ટોક......

૧) ATA ELXS (૮૭૪) :- સિગારેટ, તમાકુ ઉત્પાદન ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૮૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૮૪૪ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળેરૂ.૮૯૦ થી રૂ.૮૯૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૯૦૯ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) હેવેલ્સ ઈન્ડિયા (૫૪૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૫૨૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૫૧૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૫૬૦ થી રૂ.૫૭૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) DHFL (536) :- રૂ.૫૧૭ નો પ્રથમ તેમજ રૂ.૫૦૯ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીગલક્ષી આસ્ટોક રૂ.૫૫૭ થી રૂ.૫૭૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) ભારતી એરટેલ (૪૨૮) :- ટેલિકોમ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે રૂ.૪૪૬ થી રૂ.૪૬૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૪૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) IOC (૪૧૮) :- રૂ.૩૮૭ નો પ્રથમ તેમજ રૂ.૩૭૩ ના સ્ટોગ સપોર્ટથી ઓઈલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૪૩૭ થી રૂ.૪૪૪ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) ICICI બેન્ક (૨૭૧) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૨૫૬ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૮૮ થી રૂ.૨૯૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ઈન્ડિયા સિમેન્ટ (૧૮૦) :- સિમેન્ટ સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક ટ્રેડીગ સંદર્ભે રૂ.૧૬૭ નાસ્ટોપલોસથી ખરીદવાલાયક ....!! તેજી તરફી ઉછાળે રૂ.૧૯૩ થી રૂ.૨૦૨ ના ભાવ આસપાસ નફો બુક કરવો....!!

૮) જીન્દાલ સ્ટીલ (૧૬૧) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૪૭ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિકઅંદાજીત રૂ.૧૭૩ થી રૂ.૧૮૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૯) GSFC લિમિટેડ (૧૩૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફર્ટિલાઈજર સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૧૮આસપાસ રોકાણકારે રૂ.૧૪૭ થી રૂ.૧૫૫ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૧૦૯ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૧૦) NMDઝ લિમિટેડ (૧૨૦) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૦૮ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૩૩ થી રૂ.૧૪૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) NCC લિમિટેડ (૯૦) :- કન્સ્ટ્રકશન સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૯૯ થી રૂ.૧૦૯ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૭૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) આઈડિયા સેલ્યુલર (૭૮) :- ડિલેવરી બેઈઝ રોકાણકારે ટેલિકોમ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૬૭ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૮૯ થી રૂ.૯૪ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) સિન્ડિકેટ બેન્ક (૬૭) :- રૂ.૬૦ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક ત્રિમાસિક રોકાણ અર્થે ઝડપી ઉછાળાની શક્યતા ધરાવે છે.... રૂ.૫૫ નો સ્ટ્રોંગ સપોર્ટ અતિ જરૂરી.....!!

૪) IDFC બેન્ક (૬૦) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૩ નો પ્રથમ તેમજ રૂ.૪૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી

ખરીદવાલાયક બેન્ક સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૬૭ થી રૂ.૭૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૫) SAIL (૫૭) :- રૂ.૫૦ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૬૩ થી રૂ.૭૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૦ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

બોટમ લાઈન :- નિફ્ટી ફ્યુચર રેન્જ ૯૯૦૯ થી ૧૦૪૦૪ પોઈન્ટ ધ્યાને લેશો.....!!

રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

કેપ્સુલ

પતી પત્ની વચ્ચે કોઈ બાબતે ઝઘડો શરૂ થઈ ગયો. પતીએ બોલવાનું બંધ કરી દીધું.

પત્ની : હું ૧૦ સુધી ગણીશ. ત્યાં સુધી તમે બોલશો નહીં તો હું ઝેર ખાઈ લઈશ.

પત્ની : એક.

પતિ : ચુપ

પતની : બે..

પતિ : હજી પણ ચુપ..

પત્ની : કંઈક તો બોલો પ્લીઝ..આટલું કહીને પત્ની રડવા લાગી.

પતિ : ના..ના.. તું તારે તારી ગણતરી ચાલુ રાખ આગળ..

પત્ની : સારૂં કર્યું કંઈક તો બોલ્યા નહીંતર હું ઝેર ખાવાની જ હતી.

0000

કોઈ તમને પાગલ કહે તો ચિંતા ના કરતા. દુઃખી પણ ના થતા અને રડતા પણ નહીં..

ડર્યા વગર હિંમતથી ખુરશી પર બેસજો અને પછી શાંતીથી વિચારજો.. આને ખબર કેવી રીતે પડી ?

0000

નરેશ : યાર કાલે રાત્રે ઘરે લેટ પહોંચ્યો અને દરવાજો બહુ ખખડાવ્યો પણ પત્નીએ ખોલ્યો જ નહીં. આખી રાત બહાર રસ્તા પર પસાર કરી.

મહેશ : પછી બીજા દિવસે પત્નીની ખબર લીધી કે નહીં ?

નરેશ : બીજા દિવસે નશો ઉતર્યો ત્યારે ખબર પડી કે પત્ની તો પિયર ગઈ હતી અને ઘરની ચાવી મારા ખિસ્સામાં જ હતી.0000

સત્યથી શો ફેર પડે છે ?

કંઈક નરમ કંઈક ગરમ

રેણુ વિષ્ણુકુમાર બારોટ

જેમ સત્યનારાયણની ઘરમાં કથા કર્યા પછી ઘરના બધા કંઈ સત્યનું આચરણ કે સત્ય બોલતા નથી એમ સાધુજીની વાતો સાંભળીને કે બોધકથાઓ વાંચીને બધા બોધ ગ્રહણ કરીને સુધરતા નથી. નદીમાં પડેલો પથ્થર નદીના પાણીમાં પડયો હોય ત્યાં સુધી ભીનો હોય છે અને એને જેવો બહાર કાઢો કે રામજી કી જય પથ્થર કોરો થઈ જાય છે.. એવું મારે મન આજકાલ દેશભરના શહેરોના ટ્રાફિકનું છે. શહેરોનો ટ્રાફીક કયારે સુધરશે અને વળી કયા શહેરનો ટ્રાફિક ખુબ સરસ છે. એની ખબર નથી. લગભગ એકાદ દુક્કા શહેરોને બાદ કરતાં દેશના શહેરોમાં ટ્રાફિક મામલે અમદાવાદ વાળી ચાલે છે.

વર્ષોનાં વહાણાં વાયા પણ અમદાવાદનો ટ્રાફીક સુધર્યો નથી. ના સુધારવાનું નામ લે છે. સત્ય નારાયણની કથા જેવું છે. જોકે ટ્રાફિકના સુધારણા મામલે જુદા જુદા સુચનો થાય છે પણ જેને સુધરવું જ નથી એ કયાં સુધરે છે ? એ તો જૈસે થે.. હમણાં એક દૈનિકના અગ્ર પેજ પર વાંચ્યું કે ટ્રાફિકના નિયમને જે ભંગ કરે એને જુતાથી મારવો જોઈએ.. અગ્ર પેજમાં લખ્યું છે છપાયું છે પણ એમાં કયાંય ઉલ્લેખ નથી કે કયા જુતાથી મારવો ?

નવું જુનું હોય તો મારતા જીવ ના ચાલે.. હા.. જુનું જુનું હોય તો દાઝ કાઢી કાઢીને મરાય.. બે મારતા હોઈએ તો ચાર, ચાર મારવા ધાર્યા હોય તો છ વળી જુનું હોય તો તુટી જવાની કોઈ બીક નહીં. .બરાબર તો મારી શકાય. બાકી નવું હોય તો મારવાના શુકન કરી શકાય ? નવો બુટ જલદી તુટે નહીં અને પકડવામાં પણ ફાવે..બે શબ્દો પણ કહી શકાય.. નવા જોડાથી તારૂં મુહુર્ત કરૂં છું.. હાહરા ટ્રાફિકનો નિયમનો ભંગ કરે છે લે.. લેતો જા..

ટ્રાફિકના નિયમો તોડનારને જુતા મારવા જોઈએ. એવું કંઈક ગોવાના ડીજીપીએ કહ્યું છે.. એ સરજીનો જીવ બળતો હોય હૈયું ફફડતું હોય ત્યારે આ પ્રકારની હૈયાવરાળ કાઢે તે બનવાજોગ છે. દેશમાં અત્ર,તત્ર અને સર્વત્ર ભારતના વિકાસની વાતો થાય છે. ત્યારે ટ્રાફિકનો વિકાસ થતો નથી. અરે સ્થિતિ તો દિવસે દિવસે કથળતી જાય છે. ત્યારે ગોવાના ડીજીપીની આવી હૈયાવરાળ વ્યાજબી છે. જોડે જોડે મારો.. એવો મારો કે ટ્રાફિકનો ભંગ કરતા.. પકડાયેલાઓને શહેરના જાણીતા બજારમાં લઈ જઈ જાહેરમાં ઝુડવા.. એટલે શકય છે શરમના માર્યા ફરી આવો ગુનો ન કરે.

આમ જોવા જઈએ તો ગોવાના ડીજીપી મુકેશ ચંદરજીની વાત કંઈ ખોટી નથી.. આ દેશના લાતોના ભુત વાતોથી માનતા નથી. એમના માટે ડંડાવાળી જરૂરી છે. આ ડંડો એટલે જુતા.. એમાં બુટ, ચંપલ, સેન્ડલ અને સ્લીપર આવી શકે. તમે કોઈ વાહનચાલકને ટ્રાફિકના નિયમનો ભંગ કરે કે ફેટ કોલર પકડીને પગમાંથી જોવે, કાઢી જુડવા માંડો.. ગુનાનું પ્રમાણ જો વધારે હોય તો ગાળો ઉમેરી શકાય. ઘણા તો કારણ વગર ગાળો આપે છે ત્યારે અહીં તો વ્યાજબી વજનદાર કારણ છે.

અખબારના આ સમાચાર વાંચી અમદાવાદના ટ્રાફીક હવાલદારોને હરખ ચડવાનો, એમને થવાનું મારી શકાતા નથી ભંગ કરનારાઓને પણ. જો સત્તા આપવામાં આવે તો..તો ટ્રાફિક સુધરી જશે એમ માનો છો ?

રામ રામ કરો.. અમદાવાદ અને ગુજરાતના ઘણા શહેરોમાં એવાં વાહનચાલકો પડયા છે.. ઓ જેમ લાલ રંગ જોઈને આખલો ભડકે એમ ટ્રાફીક પોલીસને જોઈને ભડકે છે. એમાં જો ટ્રાફીક હવાલદાર જુતાથી મારવાનો પ્રયાસ કરે તો.. એના જ ખાસડે એની પુજા.. ટ્રાફિક ઘેર ગયો પણ હવાલદારની ખાસ પુજા એટલે કે જોડો હાથથી ખેંચી લઈને ચાલુ.. અમદાવાદના ઘણા વાહનચાલકો ટ્રાફિકના નિયમનો ભંગ કરીને હવાલદારને જ હેલમેટ ફટકારી ભાગી જતા હોય છે.

બાકી હાથી ગાંડો થાય અને એને નાથવા મહાવત જેમ ધમપછાડા કરે ઉધામા કરે અને મામલો કાબુ બહાર જાય એવો સીનારીયો દેશભરના ઘણા શહેરોનો છે. એમાં ગુજરાતનું અમદાવાદ તો બધાના ખાસડા લઈને એક બાજુ બેસે એવું છે. ખાસડા લઈને એક બાજુ બેસવું એ ગુજરાતી લોકોકીત છે. એટલે કે ગામનો ઉતાર છે. વાસ્તવમાં અમદાવાદનો ટ્રાફિક એવો જ છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

પાર્ટી પ્લોટ અને કલબોની કોર્મશીયલ નવરાત્રીઓ

દેખ કબીરા

હંસામૃત વાલમીયા

ગુજરાતમાં સામાન્ય રીતે ચોપડા પ્રીય પ્રજા વસે છે જ્યારે મહારાષ્ટ્રમાં ચોપડી પ્રિય પ્રજા રહે છે. આ તો ચોપડા પ્રીય પ્રજા વેપારી બુધ્ધિશક્તિ ધરાવતી પ્રજા ગણાય. જ્યારે ચોપડી પ્રીય પ્રજા જ્ઞાનશક્તિ અને ગૌરવવંતી ખમીરવાળી પ્રજા ગણાય..

મહારાષ્ટ્ર સ્ટેટની અપેક્ષાએ ગુજરાતમાં અનેક પ્લોટ અને પાર્ટીપ્લોટ જોવા મળશે. જોકે આપણે એક આજીવિકાના મંત્ર સમાન ગણાય છે. જ્યારે મુંબઈ અને મહારાષ્ટ્રમાં ઓછા પાર્ટીપ્લોટ અને કલબ જોવા મળશે.

પાર્ટીપ્લોટમાં સામાન્ય રીતે મોટા સમારંભો, મોટી મીટીંગો તેમજ મોટા સામુહીક કાર્યો થતા હોય છે. જેમાં સગાઈ, લગ્નસરા અને બેસણા જેવું પણ થાય છે.. દેખ કબીરા.. કલબોની જગ્યાની મોકળાશ ઘણી મોટી હોય છે.. એક કલબ પાછળ ઓછામાં ઓછી પચ્ચીસ વિઘાથી સો વીઘા સુધીની જમીન રોકાય છે. જ્યાં વસતી વિસ્ફોટ થયો છે એવા એરીયામાં કે લોકેશનમાં કલબોની શકયતા ઓછી હોય છે.માનવ મહેરામણની અતિશયતા એ પાર્ટીપ્લોટ અને કલબનું અનોખું સર્જન કર્યું છે.

નવરાત્રીનો સમય એટલે પાર્ટીપ્લોટ અને કલબોના ગ્રાઉન્ડ ઉપર પૈસા વરસાવતો અવસર નવ નવ દિવસ સુધી ઈંડીયા, રાસ ગરબા અને નાચગાનની ધમાચકડી સાથે આવતી નવરાત્રી ખેલૈયાઓનો ઉત્સાહ વધારે તેમ પાર્ટી પ્લોટ અને કલબના માલિકોને પણ માલેતુજાર બનાવી દેવામાં અગ્રેસર હોય છે.. દેખ કબીરા..

નવરાત્રિનો ધાર્મિક અને જાહેર તહેવાર કે ઉત્સવ પાર્ટીઓ અને કલબોના બેનર હેઠળ મોટી ટંકશાળની જેમ રૂપિયા પેદા કરતાં જરાય અચકાતા નથી. મ્યુઝીકલ નાઈટ વાળી પાર્ટીઓ અનેક સ્પોન્સરશીપના બેનર હેઠળ ધુમ મચાવતી હોય છે.

આવા કાર્યક્રમની દર્શકો માટે જે ટીકીટો વેચાય છે એ પણ પચ્ચીસ ટકા વેચાય છે. જ્યારે બાકીની પંચોતેર ટકા જેટલી ટીકીટોના મન મુકીને કાળા બજાર થતા જોવા મળે છે.

આમ આપણા તહેવારો ઉત્સવોનું આ પ્રમાણે કોમર્શિયલાઈઝેશન થતું જોવા મળે છે.. દેખ કબીરા..

નવરાત્રિનું કોમર્શિયલાઈઝેશન એ આપણા માટે દુઃખદ બીના છે.

જ્યારે કલબ અને પાર્ટીપ્લોટના માલિકો માટે ટંકશાળ જેવી હવા ઉભી કરે છે. કલબના સ્થાનિક મંડળો અને કમીટીવાળા પણ હોદ્દા માટે કોર્ટના દ્વારા ખખડાવતા જોવા મળે છે.. છે કલબનો વહીવટ અને કલબના પ્રેસીડેન્ટને મળતી ફેસીલીટીથી અંજાઈ જવાય એવું હોય છે.. કલબના મેમ્બરો પણ જે તે ગવર્નીંગ બોડી સાથે તાલમેલ કરતા જોવા મળે છે. એટલે નવરાત્રી કલબમાં રંગબેરંગી ઝળહળાટ કરતી જોવા મળે છે..

બી.પાટણવાડીયા
મો.૯૬૦૧૮૯૭૦૪૧

એન્જેલિકા આગની જવાળાઓ વચ્ચે કુદી પડી

એનું નામ છે જીવન

નટવર હેડાઉ

ભારતના ઉત્તર પુર્વમાં વસેલું મેઘાલય જેની સાથે મેઘ (વાદળ)નો પ્રદેશ એવો થાય છે. તે ભારતમાં સૌથી સુંદર રાજયોમાંનું એક છે પ્રકૃતિના અનુપમ વારસા સમાન આ વાસ્તવિક પરીઓનો પ્રદેશ નૈસર્ગિક રીતે હરીયાળી ટેકરીઓવાળો છે. સ્કોટીમ ઝાંખરાવાળી ભૂમિને મળતી આવતી આ ભૂમિ પર બ્રહ્મપુત્ર નદીના દક્ષિણ-પુર્વ દિશાથી પ્રવેશતા પવનો જ્યારે તેની ખીણોમાં ચાલે છે ત્યારે શિલોંગ પર્વતને કારણે આગળ વધી શકતા નથી. આ મૌસમી પવનો સાથે આવતાં વરસાદી વાદળો અહીંના પર્વતીય વિસ્તારોમાં લાંબો સમય રોકાઈ જાય છે. ચેરાપુંજી અને મૌસિનરામ પેટી અહીં ખુબ જ આવેલ છે. મેઘાલય ખશીશ, જેન્તિઆઓ અને ગારો આદિવાસીઓનો પ્રદેશ છે. જેમણે હજુ પોતાનો અજોડ વારસો અને સંસ્કૃતિને જાળવી રાખી છે.નરી સુંદરતા, ખુશનુમા વાતાવરણ અને અજોડ વનરાજીએ કુદરત પ્રેમીઓ માટે મેઘાલયની ઓળખ, ગીચ વન વિસ્તાર વચ્ચે છુટાંછવાયાં રહેઠાણો અને નાનાં નાનાં ગામો આવેલાં છે. મેઘાલયના આવાં જ એક ગામની આ વાત છે. ૩૧ મી જાન્યુઆરી ૨૦૧૫ નો એ દિવસ હતો. સુરજ બરાબર માથે તપતો હતો. તેથી સવારના ઠંડીના વાતાવરણને અત્યારે હુંફાળું બનાવી દીધું હતું.

એન્જેલીકા તેના ઘરની બહાર કપડા ધોઈ રહી હતી. તે માંડ તેર વર્ષની હતી. તે એક નાનો ભાઈ સાત મહીનાનો હતો. તે ઘરમાં સુતો હતો. ઘરમાં તેના માતા પિતા કે બીજું કોઈ હતું નહીં.

એન્જેલીકાએ કપડાં ધોતાં ધોતાં પાછળ ફરીને જોયું અરે આ શું ? ઘરમાંથી ધુમાડા કેમ નીકળે છે? તે એકદમ ઉભી થઈ ગઈ. કપડાં ધોવાનું પડતું મુકી ઘરમાં નજર કરવા જાયછે. ઘરમાં તે આગ લાગી છે પાછળના ઓરડામાં ભડભડ આગ સળગી રહી છે. એન્જેલીકાને તુરંત યાદ આવ્યું. તેનો નાનો `ભાઈ પાછલા ઓરડામાં જ ઘોડીયામાં સુઈ રહ્યો છે.

તેણે આગળના ઓરડાનું બારણું ખોલ્યું અને અંદર પ્રવેશી ત્યાં ખુબ ધુમાડો ફેલાયેલો હતો. બે ત્રણ ફૂટ દુરની કોઈ વસ્તુ પણ જોઈ શકાતી ન હતી. એન્જેલીની આંખો ધુમાડાના કારણે બળવા લાગી પણ તેને તો પોતાના નાના ભાઈની ચિંતા હતી.ઘરમાં અત્યારે આગ કઈ રીતે લાગી હશે તે તેને સમજાતું ન હતું. કારણ કે આગ રસોડા તરફથી આવતી ન હતી. વળી રસોડાનું કામકજ આટોપી ચુલાની આગ બુઝાવી ઘરનાં બધાં સભ્યોએ જમી લીધા બાદ તેના માતા પિતા બહાર ગયા હતા. આગ કદાચ વિજળીના શોર્ટસર્કીટથી લાગી હોવી જોઈએ. એન્જેલીકા બે હાથે ધુમાડાને દુર કરતી બારણા તરફ આગળ વધી. જ્યાં બારણું ખોલ્યું ત્યાં તો આગની જવાળા તેની તરફ ધસી આવી. એન્જેલીકા સહેજવાર માટે તો ગભરાઈ ગઈ. છતાં તેણે ઓરડામાં જોવાનો પ્રયત્ન કર્યો. ઓરડાની વચ્ચોવચ્ચ તેના નાના ભાઈનું ઘોડીયું હતું. આગની જવાળાઓ ચારે બાજુ ભભુકતી હોવાથી ગરમી લાગતાં નાનકડો બાળક જાગી ગયો હતો અને રડવા લાગ્યો હતો. બારણામાંથી આગની જવાળાઓ નીકળતી હોવાથી અંદર પ્રવેશવું મુશ્કેલ હતું.

હવે શું કરવુ ં?

એન્જેલીકાના મગજમાં એકદમ ચમકારો થયો. તેણે આગળના ઓરડામાં આમતેમ ફૈંદતાં એક ધાબળો (બ્લેકેન્ટ) મળ્યો. ધાબળાને પોતાના શરીર પર લપેટી એન્જેલીકા ભભુકતી આગની જવાળાઓ વચ્ચે કુદી પડી અને ઝડપભેર તેના નાના ભાઈના પારણા પાસે આવી. રડતા ભાઈને ઉંચકી લીધો અને ધાબળામાં ઢબુરી દઈ બહાર નીકળવા જતી હતી. ત્યાં ઉપરથી સળગતું મોટું એક લાકડું વચ્ચે આવીને પડયું. એન્જેલીકા પરસેવે રેબઝેબ થઈ ગઈ હતી. એક પળ તેને એમ લાગ્યું કે હવે મોત નજીકમાં છે. આ ભયાનક આગમાંથી બચવાનું મુશ્કેલ છે. આગ વધતી જતી હતી. ધુમાડાને કારણે કઈ બાજુ જવું એ પણ કંઈસુઝતુ ન હતું પરંતુ એન્જેલીકા હિંમત હારી નહીં તેણે જોયું કે સળગતા લાકડાની નીચે બે ત્રણ ફુટની જગ્યા છે તે નાનાભાઈને બાથમાં લઈ જમીન પર સુઈને સળગતા લાકડાની નીચેથી બહાર નીકળી. હવે આગળના ઓરડામાં પણ આગ પ્રસરી ગઈ હતી. તેણે લપેટેલ ધાબળો પણ સળગવા લાગ્યો હતો તેથી તે દાઝી રહી હતી છતાં નાના ભઈલાને સાચવી બચાવો.. બચાવો...ની ચીસો પાડતી તે બહાર નીકળી..તે દરમ્યાન આજુબાજુના લોકો પણ આગ લાગ્યાની જાણ થતાં બધા ભેગા મળી પાણી, માટી કે ઝાડનાં ઝાંખરાઓ પછાડી પછાડી આગને બુઝાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેમણે એંજેલીકાને ચીસો પાડતી બહાર આવતી જોઈ એટલે દોડીને બહાર કાઢી. એન્જેલીકા દાઝી ગઈ હોવાથી તાત્કાલીક તેને દવાખાને લઈ જવામાં આવી. સારવાર થતાં તે થોડા જ દિવસોમાં સાજી થઈ ગઈ.

આ ઘટનાની વાત સ્થાનિક અખબારોમાં આવતાં ગામ લોકોએ નાનકડી એન્જેલીકાનું સન્માન કર્યું. એન્જેલીકાનું નામ ‘રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર’ માટે મોકલવામાં આવ્યું. બાળ કલ્યાણ અંગેની ભારતીય સમિતિ એટલે કે ઈન્ડીયન કાઉન્સીલ ફોર ચાઈલ્ડ વેલ્ફેર (આઈ.સી.સી.ડબલ્યુ) દ્વારા એન્જેલીકાની પસંદગી થઈ અને ૨૪ જાન્યુ.૨૦૧૬ ના દિવસે દેશની રાજધાની દિલ્હી ખાતે એન્જેલીકા આવી પહોંચી. આવડા મોટા શહેરમાં આવવાનું તેનું બિલકુલ નવું હતું.

દેશના વડાપ્રધાનના હસ્તે તેને ‘રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર’ આપવામાં આવ્યો ત્યાં ઉપસ્થિત બીજા મહાનુભાવોએ પણ તેને શાબાશી આપી. બે દિવસ સુધી દિલ્હીમાં જોવાલાયક સ્થળો અને જુદા જુદા કાર્યક્રમોમાં એન્જેલીકાએ ભાગ લીધો.

૨૬ મી જાન્યુ.૨૦૧૬ ના દિવસે હાથીની અંબાડી પર સવાર થઈ રાજપથ પર નીકળી ત્યારે મેઘાલયમાં ઘેર ઘેર લોકોની નજર ટીવી સ્ક્રીન પર છવાઈ ગઈ હતી. કેમ કે તેમના રાજયની એક બહાદુર બાળાએ પોતાના નાનકડા ભાઈને બચાવી હિંમતપુર્વક બહાર લઈ આવી હતી તેનું સૌ કોઈને ગર્વ હતું.

નટવર હેડાઉ

એક ફિલ્મની નિષ્ફળતા પણ ભારે પડે છે : તાપ્સુ

બોલિવુડની ફિલ્મોમાં હવે ધીમે ધીમે લોકપ્રિયતા મેળવી રહેલી ઉભરતી સ્ટાર તાપ્સી પન્નુએ માહિતી આપતા કહ્યુ છે કે જો કોઈની પણ એક ફિલ્મ ફલોપ થઈજાય તો ફરી શરૂઆતથી જ મહેનત કરવી પડે છે. ફિલ્મમાં ટકી રહેવા માટે ફિલ્મો સરેરાશ સફળ થતી રહે તે જરૂરી છે. તાપ્સી પિન્ક ફિલ્મમા શાનદાર ભૂમિકા અદા કર્યા બાદ લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ તે સતત સારી ફિલ્મોમાં કામ કરી રહી છે. તાપ્સી હાલમાં વરૂણ ધવનની સાથે પોતાની જુડવા-ર ફિલ્મને લઈને વ્યસ્ત બનેલી છે. તાપ્સીએ હાલમાં પરિવારવાદ અને દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ્ અંગે વિસ્તારપૂર્વક વાત કરી હતી. પરિવારવાદના મુદ્દે ચર્ચા છેડાયેલી છે ત્યારે તાપ્સીએ કહ્યુ છે કે તે પોતે પણ એક આવા દાખલા તરીકે છે. જેનાથી સાબિત થાય છે કે પરિવારવાદ વગર પણ ફિલ્મોમાં કામ કરી શકાય છે. થોડીક બાબતો મુશ્કેલ ચોક્કસપણે છે પરંતુ કામ કરી શકાય છે. તેનુ કહેવુ છે કે બોલિવુડમાં એવા લોકો હમેંશા રહેનાર છે તે એક્ટિંગ કુશળતાની નોંધ લેતા રહે છે. કોઈ અન્ય કારણસર ધ્યાન આપશે નહી. તેનુ કહેવુ છે કે દર શુક્રવારે કલાકારોની પરીક્ષા થાય છે. જેથી તે પોતે પોતાના સંઘર્ષમાં હોવાનુ માને છે. તેનુ કહેવુ છે કે ફિલ્મ ફલોપ થવાની સ્થિતીમાં તકલીફ પડી શકે છે. તેનુ કહેવુ છે કે જ્યારે કોઈ પરિવારવાદ અંગે પ્રશ્ન કરે છે ત્યારે તેનો જવાબ હમેંશા હોય છે કે આતો ગેમના નિયમો છે. તેમાં તેને કોઈ આશ્ચર્યજનક બાબત લાગતી નથી.

કેવા ગ્રહો જેલ કરાવે ?

કોઈપણ જીવને પાંજરે પુરાઈને રહેવું ગમતું નથી. સિંહ, વાઘ, વરૂ, વાંદરો, રીંછ, પોપટ, ચકલી, કબુતર કે પેટે ચાલતા પ્રાણીઓને આઝાદી જોઈએ છે. કોઈ કયાંય પણ બંધીવાન થઈને રહેવા માગતા નથી અને રહેવા પણ ન જોઈએ જ. દરેકને પોતાની રીતે સ્વેચ્છાએ વિચરણ કરવાનો કુદરતે હક્ક આપેલ છે. તો પછી માનવજાત તો કયાંથી બંધનમાં જેલમાં પુરાયેલ રહેવાનું પસંદ કરે ? પણ જો વ્યકિત અપરાધ કરે તો તેને સજા પણ ભોગવવી પડે જ છે. કેવા ગ્રહો જેલ કરાવે ?



જે જાતકની જન્મકુંડળીમાં પ્રથમ ભાવ અને છઠ્ઠા ભાવના સ્વામીઓ કેન્દ્રમાં કે મુળ ત્રિકોણમાં ભેગા હોય અને તેની સાથે રાહુ રહેલ હોય તો આવી વ્યકિત બંધીવાન બને છે.

દ્રષ્ટાંતકુંડળીઃ અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં પ્રથમ ભાવનો સ્વામી શની છે જે ચોથા ભાવમાં મેષનો થઈને બીરાજમાન છે તેની સાથે છઠ્ઠા ભાવનો સ્વામી બુધ પણ છે અને સાથે રાહુ પણ રહ્યો છે જે આવી વ્યકિતને જેલમાં જવાનું થાય.

-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા
(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)

કાયદાની ગંભીર શિથિલતાને કારણે જ બે નંબરની કમાણીમાં વધારો થયા કરે છે

દ્રષ્ટીકોણ

ચંદ્રશેખર ત્રિવેદી

હજુ કાળા નાણાં મેળવવામાં સરકારને ઝાઝી સફળતા મળી શકી નથી.જે કાર્યવાહી થઈ રહી છે તે ધીમી ગતીથી ચાલે છે. સરકારે નોટબંધી કરતાં સમગ્ર દેશમાં નાના મોટા સૌ કોઈ ખાતેદારો ભારે મુશ્કેલીઓ સહન કરી રહ્યા છે. તમામ પ્રકારના કાયદા આઝાદીના સમયથી છે પરંતુ તેનો અમલ અગાઉ જેવો થતો નથી. કાળા નાણાંના દુષણને ડામવા માટેના કડક પગલાં અને કાયદામાં વહેલી તકે સુધારો કરવો અત્યંત જરૂરી છે. સરકારે કાળા નાણાં, ભ્રષ્ટાચાર, નકલી નોટોના ખતરાઓ સામે હીંમત કરીને રૂ.૫૦૦ અને રૂ. ૧૦૦૦ ની નોટો બંધ કરવાનો નિર્ણય લીધો તે એક સ્તુત્ય પગલું માની શકાય. કાળા નાણાંના કેન્સર સામે દાયકાઓથી વિશ્વ લડી રહ્યું છે પરંતુ ભારત એ પ્રથમ દેશ છે જેણે દુષણોને નેસ્તનાબુદ કરવા કાળા નાણાં એકત્ર કરનારાઓ સામે મોરચો માંડયો છે.

વર્તમાન સંજોગોમાં કેશલેસ સોસાયટી તરફ અન્ય ધનિક રાષ્ટ્રોની જેમ આગળ વધી રહ્યો છે પણ અમેરીકા, યુરોપ વિગેરેમાં ૮૯ ટકા કેસલેસ ટ્રાન્ઝેકશન હોય છે. જ્યારે ભારતમાં આનાથી ઉંચુ ૮૫ ટકા કેશ ટ્રાન્ઝેકશન થાય છે. કારણ કે દેશમાં માત્ર એક તૃતીયાંશ લોકોના જ બેંક ખાતાં છે. મોટા ભાગની ગ્રામ્ય જનતા આ બાબતની અનુભવી નથી જેથી સરકારના નવા કાયદાઓ હસ્તગત કરવા સમય તો લાગશે જ કાયદાની કલમોની પણ ગ્રામ્ય જનતાને જાણકારી હોતી નથી.

ભ્રષ્ટાચાર કહો કે ગેર-રીતિ દેશના અર્થતંત્રને ઉધઈની જેમ કોરી ખાય છે. અને તેમાં હવે નવેસરથી કાયદા ઘડવાની જરૂર જણાય છે. હાલમાં જોવા જઈએ તો નકલી નોટો તો અમેરીકી ડોલર, યુરો, **અનુસંધાન પાના નં.૬ ઉપર**

કાળાં નાણાંના પ્રશ્ને સરકારે સંસદમાં સ્પષ્ટતા કરવી જોઈએ અને સત્યને ઉજાગર કરવુ ંજોઈએ

વિશ્વમાં હર દેશમા છે અંધ વિશ્વાસ

અજબ ગજબની દુનિયા

કમલેશ કંસારા

કોઈ વ્યક્તિને જોવા જવાનું હોય અથવા તો ક્યાંક યાત્રા પ્રવાસની બધી જ તૈયારી કરી લીધાં બાદ ઘરની બહાર પગ મુકીએ એટલે જો બિલાડી રસ્તો કાપે તો આપણે યાત્રા પડતી મુકીએ છીએ.

કોઈ નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા જવાનું હોય અને જતાં સમયે ઘરની વ્યક્તિને છીંક આવે ત્યારે થોડી વાર રોકાઈને પછી જ બહાર જઈએ છીએ. ક્યારેક આવી ઘટનામાં ઘણું જ મોડું થવાથી આપણે તક ચુકી જઈએ છીએ. આજના વિજ્ઞાન યુગમાં જીવતો માનવી અંધવિશ્વાસમાં માનીને પોતાનું ઘણું જ નુકશાન કરે છે. ક્યારેક ભાગ્યના ભરોસે બેસી રહેવાથી ઘણું ગુમાવવાનો વારો પણ આવે છે.

તીન, તેરા-આઠ-અઢારા ‘કહેવત છે કે ત્રણ, તેરા આઠ, અઢાર જેવા અંકોને અપશુકનિયાળ માનવામાં આવે છે. પરિવારમાં ત્રીજા બાળકના જન્મને અશુભ માનવામાં આવે છે. કોઈપણ મહિનાની ૧૩ મી તારીખે કોઈપણ શુભ કાર્ય કરવામાં આવતુ નથી. આઠના અંકને મૃત્યુનો સૂચક માનીને અશુભ ગણવામાં આવે છે.’

કેટલાક વહેમ અને અંધવિશ્વાસ પાળવા તે માનસિક બિમારી ગણાય છે. આપણા દેશમાં જ્યાં વૃક્ષ, પથ્થર, નદી, જંતુઓ વગેરેની પૂજા કરવામાં આવે છે. ત્યાં શ્રધ્ધાભાવની સાથે અંધવિશ્વાસ વહેમ પણ જોવા મળે છે. આજે વિશ્વમાં દરેક વ્યક્તિ કોઈને કોઈ વહેમ કે અંધ વિશ્વાસનો શિકાર બન્યો છે.

એવુ નથી કે માત્ર આપણે ત્યાં જ વહેમ પ્રચલિત છે. વિદેશોમાં પણ વહેમે પોતાનો અડ્ડો જમાવ્યો છે. બ્રિટનમાં શુક્રવારને અશુભ માનવામાં આવે છે. એની પાછળનું એક કારણ છે, બ્રિટનમાં એક જલવાહનનો શુભારંભ શુક્રવારે જ કરવામાં આવેલો. નિર્માતા કંપનીનું નામ પણ ફ્રાઈડે હતું. આ દિવસે સાગરમાં જહાજે પ્રથમ યાત્રા પ્રારંભ કરી. ત્યારબાદ તે જહાજ ક્યારે પણ જોવા મળ્યું નહોતું. આજ કારણોસર શુક્રવારના રોજ કોઈપણ શુભકાર્ય કરવામાં આવતું નથી.

આપણે રોટલી તવી પર શેકીએ છીએ ત્યારે તે અગ્નિ પર મુકતા ફુલે છે. પરંતુ બ્રિટનમાં જો રોટલી ફુલે તો તેને કટકા કરીને ફેંકી દેવામાં આવે છે. પછાત જાતિના ક્ષેત્રમાં પ્રચલિત માન્યતા છે કે ફુલેલી રોટલીમાં શેતાન આત્મા પ્રવેશે છે અને તે આત્મા રોટલી ખાનારને પરેશાન કરી મુકે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

ગુજરાતમાં મુખ્યમંત્રી ...

પાના નં .૧ ચાલુ

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, રાજ્યની સાથે બનાસકાંઠા જીલ્લામાં પણ સંખ્યાબંધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. તેઓએ જીલ્લાના વિકાસની વિગતો આપતાં કહ્યું કે, બનાસકાંઠા જીલ્લામાં વિવિધ પ્રકારના શિક્ષણની વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ છે, અને ગઈકાલે જ પાલનપુર નજીક મેડીકલ કોલેજનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. જેનાથી ઘણા વર્ષોથી મેડીકલ કોલેજની રાહ જોતા લાખો બનાસવાસીઓનું સપનું સાકાર થયું છે.

કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ ઉમેર્યુ હતું કે, પ્રજા અને પોલીસને અદ્યતન પોલીસ સ્ટેશનોની સુવિધા મળે તે માટે રાજ્યભરમાં નવા અને અદ્યતન પોલીસ સ્ટેશનો બનાવાયા છે. બનાસકાંઠા જીલ્લામાં ભારે વરસાદ અને પૂરનું સંકટ આવ્યું ત્યારે પોલીસ વિભાગના અધિકારીઓ અને જવાનોની કામગીરીની મંત્રીએ સરાહના કરી હતી. તેમણે કહ્યું કે, પોલીસ અને પ્રજા મિત્ર બની પરસ્પર વિશ્વાસ અને સંકલન કેળવી મદદરૂપ બને એ જરૂરી છે. આ પ્રસંગે પોલીસ અધિક્ષક નીરજ બડગુજરએ સ્વાગત પ્રવચન કરતાં જીલ્લાના પોલીસ માળખાની અને કામગીરીની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે, બનાસકાંઠા જીલ્લામાં ૨૭ જેટલા પોલીસ સ્ટેશનો કાર્યરત છે. એમાં ૧૫૦૦ થી વધુ પોલીસ કર્મીઓ ફરજ બજાવે છે. નવા પોલીસ સ્ટેશનોમાં મહિલાઓ અને પુરૂષો માટે અલગ અલગ લોકઅપ રૂમો છે તેમજ સી.સી.ટી.વી. કેમેરાથી દરેક પોલીસ સ્ટેશનો સજ્જ છે. નાગરિકોને વધુ સારી સલામતી આપવા જીલ્લાનું પોલીસ તંત્ર સજ્જ અને કટિબધ્ધ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, મફતલાલ પુરોહીત, હરજીવનભાઈ પટેલ, દાંતીવાડા તાલુકા પંચાયતના પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, અગ્રણીઓ વસંતભાઈ પુરોહિત, મેરૂજી ધુંખ, જીલ્લા વિકાસ અધિકારી અમીત અરોરા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્ય સહીત અગ્રણીઓ, પોલીસ અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પૂરના સંકટ સમયે સારી કામગીરી બદલ પોલીસ અધિકારીઓનું મંત્રીના હસ્તે સન્માન

થોડાક સમય પહેલાં બનાસકાંઠા જીલ્લામાં ભારે વરસાદ અને પૂરનું સંકટ આવ્યું ત્યારે રાહત અને બચાવની વિરાટ કામગીરીમાં પોલીસ વિભાગના અધિકારીઓ અને જવાનોએ પણ બહાદુરી પૂર્વક સારી કામગીરી કરી હતી. આવી સરસ કામગીરી કરનાર જીલ્લાના પોલીસ અધિક્ષક નીરજ બડગુજર, ડીસા ડી.વાય.એસ.પી. એચ.કે.વાઘેલા અને દાંતીવાડા પી.એસ.આઈ. વિશાલ શાહનું કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ભાજપની ...

પાના નં .૧ ચાલુ

મામલે અવગણના થતા મહેમાનો ની સામે લોકો સાથે નીચે બેસી ગયા હતા. જેથી વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જ્યારે સભામાં હરિભાઈ ચૌધરીને સાંભળવા માટે આવેલા ગ્રામજનો તેમજ આગેવાનોને બેસવાની જગ્યા ન હોવાથી સભા શરૂ થતાં પહેલા તાત્કાલિક આયોજકોને બેસવાની વ્યવસ્થા કરવી પડી હતી.સભા મંડપમાં પંખાની તેમજ પીવાના પાણીની વ્યવસ્થા ન કરતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા અને સભા સાંભળી હતી. જ્યારે પાલનપુરના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ મંત્રીના ભાષણ દરમ્યાન નિદ્રાધીન અવસ્થામાં નજરે પડ્યા હતા.

રાજ્ય સરકારની...

અનુસંધાન 3 નુ ચાલુ..

ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન રૂા.૧૫૦ કરોડથી પણ વધુ રકમની સ્કોલરશીપના લાભ લીધા વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે. નોટબંધી બાદ ડિજિટલ નાણાંકીય વ્યવહારો તથા ડિજિટલ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા અને યોજનાઓના લાભ સીધા લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા મહત્વની કામગીરી કરવામાં આવી છે.

ત્રણ વર્ષની ...

પાના નં .૮ ચાલુ

જ્યારે આ વખતે દુધ અને દુધની બનાવટોમાં એકચક્રી શાસન ધરાવતી અમુલ કંપનીએ બટાટાના ધંધામાં ઝંપલાવ્યું છે. જે બટાટાની મહેસાણા યુનિટમાં પ્રોસેસ કરી ફ્રેન્ચ ફાયઝ અને આલુકી ટીક્કી બનાવશે અને તે મેકડોનાલ્ડ કંપનીને વેચશે. જેના માટે તે બનાસકાંઠાના બટાટા ખરીદશે. તેથી વેપારીઓ અને ખેડુતોને ઊંડે ઊંડે બટાટાના ભાવ વધવાની આશા બંધાઈ છે.

જિલ્લાભરની...

પાના નં .૮ ચાલુ

જિલ્લાની શાળાઓમાં શિક્ષણ કાર્ય કરતા બહારના જિલ્લાના શિક્ષકો પણ વેકેશન પડતા જ વતનની વાટ પકડી છે અને સગા સંબંધી અને પરિવાર સાથે દિવાળીનો તહેવાર મનાવવાનું આયોજન કરી દીધુ છે ૨૧ દિવસનુ દિવાળી વેકેશન પડતા વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી રહી છે ત્યારે ૬ નવેમ્બરથી શાળાઓના બીજા સત્રનો પ્રારંભ થશે ત્યાં સુધી શાળા કોલેજોના કેમ્પસોમાં સુમસામ જોવા મળશે.

વિકાસની માત્ર ...

પાના નં .૮ ચાલુ

ગટર લાઈનો, વિજળી જેવી કોઈપણ પ્રાથમિક સુવિધાઓ આજદિન સુધી મળી નથી. પ્રાથમિક સુવિધા વિશે વાત કરીએ તો ગામની પ્રાથમિક શાળામાં ૧ થી ૮ ધોરણ આવેલ છે. જેથી ૨૦૦ ઉપરાંત બાળકો આગળનાં ધોરણના અભ્યાસ માટે બહાર ગામ જવા મજબુર બન્યા છે ગામમાં કોઈના ઘરે ડિલવરી પ્રસંગ હોય કે કોઈ બિમારી તેના માટે થરા રેફરલ હોસ્પિટલ સુધી લાંબુ થવુ પડે છે. ગામ લોકોએ આ અંગે અનેક રજુઆતો કરી છે પણ વિકાસના ગુણગાતા નેતાઓ ફરકતાજ નથી. ગામ લોકોનો આક્ષેપ છે કે સરકાર દ્વારા યોજવામાં આવતા ગરીબ કલ્યાણ મેળા, સેવાસેતુ કાર્યક્રમ હોય તો કોઈપણ જાતની જાણ પણ કરવામાં આવતી નથી. ગામમાં સરપંચ મહિલા હોવા છતાં તેમના પતિ આંખી ગ્રામ પંચાયતનો વહિવટ ચલાવે છે. અને ભ્રષ્ટાચાર આચરે છે. ગ્રામ પંચાયતને અલીગઢના તાળા લાગેલા રહે છે. જો પંચાયતનું નાનુ મોટુ કામ હોય તો ભારે મુશ્કેલી વેઠવી પડે છે. એક બાજુ ગુજરાત સરકાર દરેક ગામડા વિકાસ તરફ વળ્યા હોવાના ગુણગાન ગાઈ રહી છે. ત્યારે આ કાંકરેજ તાલુકાનું રૂવેલ ગામ વિકાસ ઝંખી રહ્યુ છે. ત્યારે હવે જોવાનું એ રહે છે. કે જવાબદાર નેતાઓ આ ગામને તરફ લઈ જાય છે કે નહિ તે તો સમય બતાવશે પણ આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ગામલોકો ચોક્કસ જવાબદાર નેતાઓની આંખ ખોલશે તે નક્કી છે.

ડીસા માર્કેટયાર્ડમાં ...

પાના નં .૮ ચાલુ

પણ તેની ખરીદી લાભ પાંચમથી થનાર છે. જેથી તેનો ખેડુતોને લઈ લાભ થાય તેમ નથી. માર્કેટયાર્ડના ઈન્ચાર્જ સેક્રેટરી અમૃતભાઈ જોષીએ જણાવ્યું હતું કે માર્કેટયાર્ડમાં મગફળીની ભરપુર આવકો થઈ રહી છે. પરંતુ માર્કેટયાર્ડમાં સરકારના ટેકાના ભાવે ખરીદી લાભ પાંચમથી શરૂ થશે.

મોદી અને નીતિશ વચ્ચે ફરી જોવા મળેલ જોરદાર કેમેસ્ટ્રી

પાટણા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર લાંબા સમય બાદ એક મંચ ઉપર નજરે પડ્યા હતા. લાંબા સમય બાદ બંને એક બીજા સાથે મંચ પર દેખાતા કાર્યકરોમાં ઉત્સાહ દેખાયો હતો. મોદીએ પટણા યુનિવર્સિટીની ઉજવણીમાં પણ ભાગ લીધો હતો. મોદી અને બિહારના મુખ્યમંત્રી વચ્ચે જોરદાર કેમેસ્ટ્રી જોવા મળી હતી. આ વર્ષે જુલાઈ મહિનામાં એનડીએના નીતિશકુમાર સામેલ થઈ ગયા બાદ પ્રથમ વખત બંને નેતાઓ એક મંચ ઉપર આવ્યા હતા. નીતિશકુમારે આજે પટણા વિમાની મથકે મોદીનું સ્વાગત કર્યું હતું. લાલ ગુલાબ આપીને તેમનું અભિવાદન કર્યું હતું. ઉજવણી કાર્યક્રમમાં બોલતા મોદીએ પટણા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, દરેક રાજ્યમાં સિવિલ સર્વિસમાં ટોપના સ્તર પર રહેલા અધિકારી પટણા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી ચુક્યા છે. દિલ્હીમાં તેઓ ઘણા બધા અધિકારીઓ સાથે વાતચીત કરતા રહે છે જે પૈકી બિહાર સાથે જોડાયેલા અધિકારીઓ પણ હોય છે. બિહારમાં વિકાસ માટે નીતિશ કુમારની પણ મોદીએ પ્રશંસા કરી હતી.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૪૦૨૦૦-૪૦૭૦૦**
રૂપુ કાચું	૪૦૩૦૦-૪૦૫૦૦
સોનુ તોલો	૩૦૩૦૦-૩૦૫૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૧૦૦૦**
પામોલીન	૯૯૦
સોયા રીફાઈન	૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી.	૧૫૪૦
સીંગતેલ ૧૫ લી.	૧૪૭૦
સીગતેલ ૫ લી.	૪૭૦
તિરૂપતી કપા.	૧૨૧૦
૫ લીટર	૩૮૮
વનસ્પતિ ઘી	૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો	૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ	૯૬૦
૫લી. અંકુર સીંગતેલ	૪૪૬
૧૫ લીટર સનફલાય	**૧૧૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૨૨૦
૫ લી.	૩૭૦
૨ લી.	૧૫૭
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
ગેટવે પ્રીમીયમ	૬૫૦૦
ગેટ વ. રોયલ	૫૫૦૦
ગેટવે રેગ્યુલર	૫૦૦૦
ગેટવે રીઝાના	૪૫૦૦
ગેટવે એવરેડી	૪૦૦૦
ગેટવે ડેઈલી	૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
દુન તીબાર ૫ કી.	૮૨૦૦
દુન તીબાર ૧ કી.	૮૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૮૦૦
મગદાળ નર્મદા સુપર	૫૭૦૦
નર્મદા મગ મોગર	૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૫૦૦
નર્મદા અડદદાળ	૭૦૦૦
દુન દેહરાદુન દુબાર જુના	૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના	૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના	૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના	૩૮૦૦
દુન કણકી જુની	૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
દાવત સીલેકટનવા	૮૮૦૦
દાવત સુપર જુના	૧૧૦૦૦
દાવત દીલખુશ નવા	૭૫૦૦
દાવત દીલખુશ જુના	૬૫૦૦
દાવત દુબાર જુના	૭૦૦૦
દાવત રોઝાના જુના	૫૫૦૦
દાવત ૭૦ જુના	૪૩૦૦
દાવત ૬૦ મીની જુના	૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૮૫૦૦
હેરીટેજ તીબાર	૭૮૦૦
હેરીટેજ દુબાર	૬૦૦૦
હેરીટેજ મીની દુબા	૫૦૦૦
કાયનાત પી	૮૫૦૦
કાયનાત સુપર	૮૦૦૦
કાયનાત	૬૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૧૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૯૦૦-૩૯૫૦**
ખાંડ એમ.	**૪૦૦૦-૪૦૮૦**
ખાંડએલ.	૪૦૫૦-૪૧૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા ૨જી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	
દાણ ૭૦ કી.ગ્રા.	૬૫૦
મોરબી ખોળ	૧૦૫૦-૧૭૦૦
જીરાળુ	૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૮૬૦
મેંદો	૮૬૦
શ્રીફળ એમ.	૮૮૦
નિરમા સાબુ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૪૦-૧૭૦
સાકરીયા	૪૪૦૦
ખાંડ બુરૂ	૪૪૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૧૧૦૦-૧૪૦૦
મોરૈયો	૬૫-૯૪
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૨૦૦-૨૪૦
સુકી ડુંગળી	૬૦૦-૭૦૦
લસણ	૭૦૦-૮૦૦
ધાણા	૧૦૦૦-૧૨૦૦
મરચાં	૫૦૦-૬૦૦
લીબુ	૭૦૦-૮૦૦
અડવી પત્તા	૨૦૦-૩૦૦
આદુ	૭૦૦-૮૦૦
રીંગણ	૭૦૦-૮૦૦
ટામેટા	૪૦૦-૪૬૦
ભીંડા	૪૦૦-૫૦૦
કોબી	૬૦૦
વટાણા	૧૧૦૦-૧૪૦૦
ટીંડસા	૫૦૦-૬૦૦
ગવાર	૯૦૦-૧૧૦૦
બાદશાહ બટાકા	૧૪૦-૨૦૦
સાંગા બટાકા	૧૨૦- ૧૪૦
ચોળી	૮૦૦-૧૦૦૦
તુરીયા	૩૦૦-૪૦૦
તુવેર	૯૦૦-૧૦૦૫

મંદિરોમાં દર્શન કરવા લઇ રાહુલ પર યોગીના પ્રહાર

વલસાડ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આક્રમક પ્રચારનો દોર આજે બીજા દિવસે પણ જારી રાખ્યો હતો અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને ટાર્ગેટ બનાવ્યા હતા. મંદિરોમાં દર્શન કરવાના રાહુલના મામલે પણ યોગીએ પ્રહારો કર્યા હતા. બે દિવસીય યાત્રાના બીજા દિવસે યોગી કચ્છ જિલ્લાના ભુજ ખાતે પહોંચ્યા હતા. તેઓએ ગૌરવ યાત્રાની શરૂઆત ભુજમાં સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરીને શરૂ કરી હતી. મંદિર પ્રાંગણમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, વિકાસના મુદ્દા પર ગુજરાતની ભાજપ સરકાર સામે આંગળી ઉઠાવવાનો તેમને કોઇ અધિકાર નથી. તેમને આશ્ચર્ય થાય છે કે ૫૫ વર્ષ સુધી દેશમાં શાસન કરનાર અને વિકાસથી દેશથી વંચિત રાખનાર લોકો આજે વિકાસની વાત કરી રહ્યા છે. જો આજે દેશમાં ગરીબી, આતંકવાદ, નક્સલવાદ જેવી સમસ્યા છે તો આના માટે કોંગ્રેસ જવાબદાર છે. ગુજરાતના વિકાસને લઇને તો કોઇપણ લોકો પ્રશ્નો ઉઠાવી શકે તેમ નથી. અમેઠીમાં હાલમાં જ ચીફ મેડિકલ ઓફિસરની ઇમારત અને જિલ્લા કલેક્ટરની ઓફિસ બની રહી છે. કચ્છના નખત્રાણામાં મિડિયા સાથે યોગીએ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, પ્રોજેક્ટોના નામે કોંગ્રેસે જમીન લીધી હતી પરંતુ મોડેથી રાજીવ ગાંધી ફાઉન્ડેશનને આપી દીધી હતી. રામ અને ભગવાન કૃષ્ણનું અસ્તિત્વ ન હતું તેમ દર્શાવનાર સેતુસમુદ્રમ પ્રોજેક્ટ અંગે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કોંગ્રેસ દ્વારા દાખલ કરાઈ હતી. ભગવાન કૃષ્ણનું જો અસ્તિત્વ નથી તો દ્વારકાધીશના મંદિરમાં રાહુલ શું કરી રહ્યા હતા તેવો પ્રશ્ન રાહુલને પુછી શકાય છે. યોગીએ કહ્યું હતું કે, તેઓ વિકાસના સમર્થક નહીં પરંતુ વિનાશના સમર્થક છે. એક રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં જ્યારે સુરક્ષા દળોએ ઇશરત જહાં જેવી ત્રાસવાદીને ઠાર મારી દીધી હતી ત્યારે રાહુલ ગાંધી તેમના સમર્થનમાં આવ્યા હતા. પોતાના મત વિસ્તારની પણ રાહુલ સતત અવગણના કરતા રહ્યા છે. જ્યારે કોઇ વ્યક્તિ પોતાના મતવિસ્તારમાં કલેક્ટરોરેટની ઓફિસ પણ બનાવી શકે નહીં ત્યારે ગુજરાતના વિકાસની આશા કઇ રીતે કરી શકાય છે. મનમોહનસિંહ ઉપર પણ યોગીએ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, નહેરુ ગાંધી પરિવાર તરફથી આદેશ થયા બાદ જ મનમોહનસિંહ જાહેરમાં નિવેદન કરતા હતા. ગુજરાતમાં આગામી ચૂંટણી નજીક છે ત્યારે યોગી આદિત્યનાથે પણ મોરચા સંભાળી લીધા છે અને આજે બીજા દિવસે પ્રહારો જારી રાખ્યા હતા. યોગીએ ગુજરાતના વિકાસની કામગીરીની પ્રશંસા કરી હતી. બીજી બાજુ એક વાતચીત દરમિયાન યોગીએ કહ્યું છે કે, ભાજપ ગુજરાતમાં સરળતાથી ૧૫૦થી વધુ સીટો જીતી શકે છે. મોદી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જે કામગીરી કરવામાં આવી છે તે જોતા ૧૫૦થી વધુ બેઠકો મેળવી શકે છે. ગુજરાત માટે મોદીની રુપરેખા આજે અન્યો રાજ્યમાં પણ અમલી બની રહી છે. લોકોનો આત્મવિશ્વાસ વધી રહ્યો છે. છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતમાં પ્રતિવ્યક્તિ આવક ૧૦ ગણી થઈ ગઇ છે. ૧૪૦૦૦થી વધીને ૧૪૧૦૦૦ સુધી પહોંચી છે. ગુજરાતના વિકાસનો દર દેશમાં સૌથી ઉંચો છે.

૧૬થી૧૮ ત્રણ દિન કોંગીની સ્ક્રીનીંગ કમીટીની બેઠક થશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠક તા.૧૬,૧૭ અને ૧૮ ઓકટોબર એમ ત્રણ દિવસ દરમ્યાન શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે મળશે. જેમાં સ્ક્રીનીંગ કમીટીના ચેરમેન સહિતના પદાધિકારીઓ ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે ઉમેદવારોની પસંદગીના મુદ્દે મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા હાથ ધરશે. બીજીબાજુ, સોમવારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા એક મહત્વની ચૂંટણીલક્ષી બેઠક પણ બોલાવવામાં આવી છે, જેમાં વિધાનસભા ચૂંટણીઓને લઇ આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસમાં બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો છે. તાજેતરમાં જ ગુજરાત કોંગ્રેસના નેતાઓ ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ દિલ્હી ખાતે સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ઉમેદવારોની પસંદગીના મુદ્દે ભાગ લેવા ગયા હતા પરંતુ આ મામલે કોઇ ખાસ નિર્ણય થઇ શકયો ન હતો. દરમ્યાન હવે સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટના વડપણ હેઠળ એક મહત્વની બેઠક તા.૧૬,૧૭ અને ૧૮ ઓકટોબર એટલે કે, સોમ, મંગળ અને બુધવારે અમદાવાદમાં જીપીસીસી ખાતે મળવા જઇ રહી છે. જેમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, સિનિયર નેતાઓ શકિતસિંહ ગોહિલ, અર્જુનભાઇ મોઢવાડિયા સહિતના અગ્રણી નેતાઓ અને આગેવાનો ભાગ લેશે. સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર કયા ઉમેદવારોને ઉભા રાખવા અને કઇ બેઠક પર કઇ જ્ઞાતિનું કાર્ડ હુકમનો એક્કો સાબિત થશે તે સહિતની બાબતોને લઇ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. બેઠકમાં ઉમેદવારોની પસંદગીની પ્રાથમિક પ્રક્રિયા હાથ ધરી અમુક નામો પર સર્વસંમતિ સધાય તેવી પણ શકયતા છે. જો કે, તેના નામો અધિકૃત રીતે જાહેર નહી કરાય અને ઉમેદવારોને ખાનગીમાં કહી દેવાશે કે જેથી તેઓ તેમના વિસ્તારમાં ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દે. ભાજપ સામે પડેલા પાટીદારોનું ફેકટર ગુજરાતની આ વખતની ચૂંટણીઓમાં બહુ મહત્વનું મનાઇ રહ્યું છે અને કોંગ્રેસ તેનો ફાયદો ઉઠાવવા માંગે છે અને તેથી જ આગામી ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા પાટીદારોના ઘણા ઉમેદવારોને ટિકિટની લ્હાણી કરાય તેવી શકયતા છે. કોંગ્રેસ દ્વારા દરેક જિલ્લામાં એક મહિલાને ટિકિટ ફાળવવાનું પણ આયોજન છે કે જેથી મહિલા મતદારોને આકર્ષી શકાય. દરમ્યાન સોમવારે એટલે કે, તા.૧૬મીએ ગુજરાત કોંગ્રેસની એક મહત્વની ચૂંટણીલક્ષી બેઠક પણ બોલાવવામાં આવી છે, જેમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઇ કોંગ્રેસના ભાવિ કાર્યક્રમો, ચૂંટણી વ્યૂહરચના, ચૂંટણીમાં ભાજપને કેવી રીતે મ્હાત આપી શકાય અને ભાજપના પ્રચારને ખાળવાની રણનીતિ સહિતના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરી નિર્ણય કરાય તેવી શકયતા છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચય: ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

એ બધામાં જ ફેલાયેલી છે. ભારતમાં નકલી નોટો પાડોશી દેશ તથા ત્રાસવાદીઓ (આતંકવાદીઓ) દ્વારા નપાળ, ભુતાન, બાંગ્લાદેશ જેવા દેશો મારફત ઘુસાડવામાં આવે છે. દર વર્ષે જાલીનોટો જથ્થાબંધ જપ્ત થાય છે વળી ફરી આવે છે અને પકડી પડાય છે. વર્ષોથી ચાલી આવતી આ સમસ્યાને આજ દિન સુધી નિવારી શકાઈ નથી.

સરકારે નવી ૨૦૦૦ ની નોટો કાઢી પણ વ્યવહારમાં તે નાના પેમેન્ટ માટે મુશ્કેલી ઉભી કરે છે ત્યારે નવી ૫૦૦ ની નોટો આવી છે પરંતુ પુરતો જથ્થો બેંકોને પ્રાપ્ત થયો નથી.આ નવી ૫૦૦ ની નોટો શહેર અને ગામડાઓમાં પહોંચે તેમજ પરીસ્થિતિ સાનુકુળ બને તેમ છે અને ઘણા પ્રોબ્લેમ હલ થઈ શકે.

હાલમાં કેસના પ્રોબ્લેમથી દેશના સામાન્ય માનવીને, નોકરીયાતને, ફેરીયા, લારી ગલ્લાવાળાને નાનો ધંધો કરનારા દુકાનદારોને અને રોજે રોજ પેટીયું રળતાં લોકોને બેહદ્દ મુશ્કેલીઓ પડી રહ છે. બેંકોમાં પણ નાણાંની તંગીના કારણે લોકોની મુશ્કેલીઓ થઈ છે. આ માટે ત્વરીત તેજાબી પગલાં અનિવાર્ય લાગે છે. લોકો કેસલેસ વ્યવહાર સ્વીકારવા તૈયાર છે. એટલે કે ચુકવણી બને ત્યાં સુધી રોકડમાં ઓછી કરવી અને ચેક, ક્રેડીટ, ડેબીટકાર્ડ મારફત કરવી પરંતુ મુશ્કેલી એક જ છે કે દેશમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં નાના ધંધાર્થીઓ બેંકમાં ખાતાં ધરાવતાં નથી. આ ઉપરાંત કામદારો, ફેરીયાઓ વગેરે માટે આ પ્રશ્ન ગંભીર માની શકાય. કેમકે આ સામાન્ગય વર્ગ રોજની આવક ઉપર જ પોતાનું ગુજરાન ચલાવે છે એટલે કે તેને માટે રોકડ અનિવાર્ય છે. હાલમાં ઘરમાં પ્રાથમિક જરૂરીયાતની વસ્તુઓ લાવવા રોકડ નાણાંની જરૂરીયાત વિશેષ છે. રોકડ વિના વ્યવસ્થિત વ્યવહાર ચાલી શકશે નહીં. જ્યારે હાલમાં દેશહીતના જે પગલાં ભરાય તે માટે સરકારે કટીબદ્ધ બનવું જરૂરી છે અને સરકારે સર્વગ્રાહી પગલાં રજુ પણ લેવા જોઈએ. વર્તમાન સંજોગોમાં મોંઘવારીએ લોકોની દિશા અનેદશા બદલી નાખી છે. આ સમસ્યાને કાયમી પણે નિવારવા માટે સરકાર દ્વારા કોઈ ઉપાયો પણ વિચારવામાં આવ્યું નથી.

કાળાનાણાંના પ્રશ્ને સરકારે સંસદમાં પોતાનું નિવેદન જાહેર કરવું જોઈએ અને જો નહીં કરેતો વિપક્ષો સંસદગૃહમાં ધાંધલ ધમાલ કર્યા વિના રહેશે નહીં. સમયની સાથે સાથે વિશ્વમાં ઘણો બદલાવ આવી રહ્યો છે. પરંતુ ભારતમાં કેટલાક પ્રશ્નો એવા ઉભા થયા છે કે તેનો અંત આવવો મુશ્કેલ છે. વિપક્ષોને એક બે મુદ્દા મળી જાય એટલેસરકારની પાછળ પડી જાય છે. નોટબંધી અને જીએસટીને લઈને હાલમાં કોંગ્રેસે રંગતમાં આવી ચુકી છે. જોકે જીએસટીના કેટલાક નિયમો સુધાર્યા છે તેથી વેપારીઓને રાહત થઈ શકે તેમ છતાં રાજ્યમાં ઔદ્યોગિક એકમોને નુકશાન ન થાય એ માટે સરકારે નિવારવું જોઈએ અને જીએસટીમાં ફેરી સુધારો કરવામાં આવે તે મહત્વની બાબત છે. સરકારે હાયર એન્ડ ફાયર નીતિ અપનાવ્યા વિના છુટકો જ નથી.

કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

ડીજીપી મુકતેશ ચંદરે આગળ કહ્યું હતું કે ઘણાને ટ્રાફિકના નિયમો વારંવાર ભંગ કરવાની ટેવ પડી ગઈ છે એમને તો મન એક મજાક છે કે અમે કેવા બહાદુર છીએ કે આટલા હવાલદારો, આટલા કાયદા, આટલી લાલ લાઈટો હોવા છતાંય અમે ટ્રાફિકના નિયમોને સરેઆમ તોડી શકીએ છીએ.

ડીજીપી સાહેબ અમદાવાદમાં તો આ રોજનું થયું. લાલ લાઈટ હોય તોય આરામથી જઈ શકાય છે અને હવાલદારની નજરોની સામે જ વાહનને ભમભમાવી શકાય છે. અરે વન-વે માં ઘુસી જવાય છે.. અને જો પકડે તો હાથવગા હથિયાર તરીકે હેલમેટ ઢાંકી દે છે. મારા એક મિત્ર કદીય હેલમેટ પહેરતા ન હતા.. પછી પહેરતા થયા જેને થયું હાશ કમ સે કમ એ હેલમેટ પહેરીને ટ્રાફિકના નિયમો પાળતા તો થયા..એક દિવસ તેઓને હેલમેટ પહેરવા બદલ અભિનંદન આપ્યા તો કહે.. આને હું માથાને બચાવનારા એક સાધનરૂપે નથી ગણતો.

તો.. મેં પુછ્યું..

ટ્રાફિકનો હવાલદાર જો માર્ગમાં મગજમારી કરે તો એ વખતે હથિયાર લેવા .. ઢેખાળો શોધવા જવું કયાં ? બરાબર ઠોકી દેવી.. પછી રફુચક્કર..

સાથે જ અમદાવાદમાં હેલમેટ ઠોકી દઈને ગલીમાંથી વળી જનારા પડયા છે.. વો પતલી ગલી હૈ કાલુદાદા કી.. રામ જાણે..

ટ્રાફિકના અંકુશ માટે.. લોકોની સમજ માટે, સુધારણા માટે કંઈ કેટલાય કામો કરવામાં આવે છે પણ જેમ સત્ય નારાયણની કથા સાંભળી લોકો સત્યવાદી બનતા નથી એમ આવા નિયમો કે સજાઓથી લોકો જરાયે ડરતા નથી.

કોઈ આમ સુચવે ને કોઈ તેમ.. પણ વાહનચાલકો એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખવા અને મનનું ધાર્યું કરવામાં માહેર છે. અરે ઘણા તો એમ કહે છે ગમે એટલા નિયમો બનાવો પણ એને પાળવા જરૂરી છે. બારી આગળ કાગડો.. કા..કા..કા.. કરતો હોય અને તમે એને છીટછીટ કરીને ઉડાડી મુકો તો એ બીજે જઈને બોલવાનો.. બોલતો થોડો અટકે છે.. ખાસડા મારવાની વાત કરો કે દંડા મારવાની.. ઈ મેમો મોકલો કે ગુલાબ આપો.. વાહન ચાલકોને કોઈ ફેર પડતો નથી.. એક સમયે દેશમાં જ્યારે અંગ્રેજોનું રાજ હોવા છતાંય લોકમાન્ય ટીળકે ડર રાખ્યા વગર કહી દીધું હતું સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે તેને હું લઈને જ રહીશ.. આજે અંગ્રેજોનું રાજ નથી.. પણ પોલીસોનું રાજ છે કે નહીં એની ખબર નથી પણ કેટલાક વાહનચાલકો તો કહે છે.. ટ્રાફિકના નિયમો તોડીને રહીશ.. એ તોડવા મારો જન્મસિદ્ધ અધિકાર છે.. લો બોલો હવે શું મારશો ?’

રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)
મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮

અજબગજબની દુનિયા

અનુસંધાન પાન ૫ નુ ચાલુ.

શુભ અવસર પર આમંત્રણ પત્રિકાઓ પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. સ્કોટલેન્ડમાં મોટા દિવસે(ક્રિસમસ) પોસ્ટ દ્વારા અભિનંદન તેમજ આમંત્રણ કાર્ડો મોકલવા એ યોગ્ય નથી માનતા એવી માન્યતા છે કે પોસ્ટ દ્વારા મોકલેલા કાર્ડો દ્વારા પ્રેમ સંબંધ નિષ્ફળ જાય છે લાલ અને લીલા રંગના વસ્ત્રો પહેરવાને પણ તેઓ અશુભ માને છે.

સ્કોટલેન્ડના રહેવાસીઓ નવા ઘરમાં કોઈપણ ખોદકામના યંત્રો પ્રવેશ કરવાને અશુભ માને છે. તેઓ એના વિશે એવું માને છે કે જો ઘરમાં પ્રવેશ કરે તો નજીકના સમયમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે. ત્રણ હંસોને એક સાથે આકાશમાં ઉડતા જોવા એ પણ અશુભ મનાય છે. જાપાનમાં બિલાડીઓને અશુભ અને દુર્ભાગ્ય દાયિની માનવામાં આવે છે. વહેલી સવારે કોઈ કરોળિયાને મારવો એ એક દુષ્ટ આત્માને મારી નાંખવો ગણાય છે. જો કોઈ વ્યક્તિ પોતાના દાંતો વડે કોઈનો ખભો પકડીને કોઈની સામે ઉભો હોય તો તેને દુર્ભાગ્યની નિશાની માનવામાં આવે છે.

બ્રિટનમાં ૧૩ ના અંકને અશુભ માનવામાં આવે છે. સામાન્ય રીતે દરેક સ્થળે ૧૩ નંબરની સીટ ખાલી જોવા મળે છે. ૧૩ ના અંકને શુભ માનનારાઓને ઈસુના વિરોધી માનવામાં આવે છે. આયર્લેન્ડમાં ગર્ભવતી મહિલાઓને તૂટેલા ગ્લાસમાં કાંઈપણ આપવામાં આવતું નથી. એવી માન્યતા છે કે જો ગર્ભવતી મહિલાને તૂટેલા ગ્લાસમાં કાંઈપણ આપવામાં આવે તો આવનાર બાળકનો હોઠ કાપેલો જોવા મળે છે. નાઈજીરીયામાં રાત્રીના સમયે ઘરમાં ઝાડું મારવું એ અશુભ ગણાય છે. એવુ કાર્ય કરવાથી દુષ્ટ આત્માને આમંત્રણ આપવા બરોબર ગણાય છે. જ્યારે વહેલી સવારે ઝાડુ લગાવવાથી દુષ્ટ આત્મા ભાગી જાય છે. ઘરમાં જો કોઈ વ્યક્તિ આવે ત્યારે અવશ્ય ઝાડુ મારવું જોઈએ. કારણ કે એવી માન્યતા છે કે જ્યારે તે જાય ત્યારે પોતાની સાથે દુષ્ટ આત્માઓને લેતો જાય છે. ઝાડુંને પગથી ક્યારે પણ સ્પર્શ ન કરવો કારણ કે તેનાથી દુર્ભાગ્યને નિમંત્રણ આપવા બરોબર ગણાય છે.

આ પ્રકારે આખા વિશ્વમાં કોઈ ન કોઈ વહેમની બિમારીથી ગ્રસ્ત છે કહેવત છે કે

“વહેમની કોઈ દવા નથી.”

કમલેશ કંસારા